**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૬-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫/–** આજીવન **૨૫૧**/–

વિદેશમાં વાર્ષિક રૂા. **૫૦૦**/ (વિમાનથી) આજીવન **૫૦૦૦**/–

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી—સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧. ફોન : **૨૪૭૧૨૩૦, ૨૫૭૨૫૦૨, ૨૫૬૫૮૧૧**
- ADHYATMA email Addres: adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રીગોરધનભાઈ કલોલા (કલ્યાણ) અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી-૧, બોરડીગેટ, ભાવનગર-૧

**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ 'સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ'ના નામનો C/o ડૉ.બી.જે.જાગાણી, ૨૪—નાલંદા ટેનામેન્ટ, હિલડ્રાઈવ, ભાવનગર(ફોન-૨૪૭૧૨૩૦)ને મોકલવા વિનંતી છે.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- આગલા મહિનાના અંત સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તે પછીના મહિનાની તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

You can know about Shree Mahatmaji & Shree Maa from Website 'SWARGAROHAN.ORG'

# ❀ અનુક્રમણિકા ❀


| | | |
|---|---|---|
| સદ્ભાવભરી પ્રશંસનીય સહાય | મા સર્વેશ્વરી | ૩ |
| જીવન અનંત છે | યોગેશ્વરજી | ૪ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૮ |
| ૐ મા પ્રભુ | – | ૧૩ |
| How the children felt about this Camp | – | 16 |
| પ્રકાશન પર્વ 'અધ્યાત્મનો અનસ્ત સૂર્ય : શ્રી યોગેશ્વર | નારાયણ હ. જાની | ૨૧ |
| પૂ.મા શ્રી સર્વેશ્વરીના જન્મદિનની સ્વર્ગારોહણમાં ઉજવણી | નારાયણ હ. જાની | ૨૮ |
| શ્રી યોગેશ્વરજીનું સંક્ષિપ્ત જીવન ચરિત્ર | ડો.અરુણિકા મનોજ દરુ | ૩૨ |
| એક અનોખો રચનાત્મક પ્રોજેક્ટ 'A Ray of Hope' | કેતન ત્રિવેદી | ૩૮ |
| A House holder woman's Sadhana in Van Vishram with Maa | Gunjan | 45 |
| મહાત્મા ગાંધીજીના વિચારો—રામજપ વિષે | ગાંધીજી | ૪૬ |
| અધ્યાત્મના તંત્રીના જન્મદિનની ઉજવણી તંત્રી ૯૨ વર્ષના થયા | જ્યોત્સ્નાબહેન ત્રિવેદી | ૫૩ |
| પનામાનો પુણ્ય પ્રવાસ | મા સર્વેશ્વરી | ૫૬ |
| રસેશ્વરી | શ્રીયોગેશ્વરજી | ૬૧ |

# સદ્ભાવભરી અભિનંદનીય સહાય

કર્પૂરવન કાલીમંદિરમાં જ શૈશવ વીતાવ્યું, મોસાળને જ પોતાનું ઘર બનાવ્યું, એકલા હાથે મુંબઈમાં વરસો સુધી વસી વેપારી પેઢીનો પ્રામાણિકપણે વહીવટ સંભાળ્યો.

મુંબઈ કે મેમ્ફીસ, સ્વદેશ કે સાન્ફ્રાસિસ્કો વસ્યા, છતાં પ્રાર્થનાના નિયમને જીવનમંત્ર બનાવ્યો.

અને વિશેષતાતો એ છે કે પૂ. શ્રી જેવા સમર્થ મહાપુરુષને પોતાને આંગણે ઉતારી, પ્રેમથી સેવા કરી, સત્સંગ પામ્યા.

કર્પૂરવનના એ વડીલ બંધુ પ્રાર્થના પ્રેમી, સંતપ્રેમી, ભક્ત પુરુષ શ્રી ધીરૂભાઈ રણછોડજી ભક્તની સ્મૃતિમાં આ અંક શ્રી રૂક્ષ્મણિબેન ભક્ત તરફથી પ્રસિદ્ધ થઈ રહ્યો છે, તે બદલ અભિનંદન.

**—મા સર્વેશ્વરી**



# જીવન અનંત છે

**યોગેશ્વરજી**

પણ ભગવાનની આટલી વાણી સાંભળવાથી તો અર્જુનને વિસ્મય થયું. તેણે તરત પ્રશ્ન કર્યો કે, સૂર્ય ને મનુને થયે તો કેટલોય કાળ વીતી ગયો. તમે તો હમણાં જ થયા છો. તો પછી તમે સૂર્ય ને મનુને કર્મયોગનો ઉપદેશ આપ્યો એ વાત કેવી રીતે માનવી? વાત સાચી છે. સાધારણ માણસને આ પ્રમાણે શંકા થાય તે સમજી શકાય તેમ છે. ભગવાન અર્જુનની શંકાનું સમાધાન કરતાં કહે છે કે, મારા ને તારા આજસુધીમાં કેટલાય જન્મો થઈ ગયા છે. મને તે બધાનું જ્ઞાન છે પણ તું તને ભૂલી ગયો છે. આ શબ્દોમાં એક વિશેષ સિદ્ધાંત સમાયેલો છે. ઉપનિષદમાં પણ નચિકેતા યમની પાસે આવા જ પ્રકારની શંકા રજૂ કરતાં કહે છે કે મૃત્યુ પછી જીવન નથી રહેતું ને કોઈ કહે છે કે રહે છે. તો તે બંનેમાં સાચું શું? ઉપનિષદના તે સંબંધી ઉત્તરનો ગીતાનો સ્વીકાર કરે છે, ને કહે છે કે, જીવન અનંત છે. આ શરીરમાંનું એક જ જીવન કાંઈ જીવન નથી. આવાં કેટલાંય શરીરો બદલાતાં બદલાતાં જીવાત્મા આ ચાલુ શરીરમાં આવ્યો છે. તેની યાત્રા ઘણી જૂની છે ને હજી પણ ચાલુ રહેવાની છે. જ્યાં સુધી પૂર્ણતાની પ્રાપ્તિ નહી થાય, સંસારના સ્વામીનો જ્યાં સુધી તેને સાક્ષાત્કાર નહીં થાય ત્યાં સુધી તેણે આ અનાદિકાળથી ચાલી રહેલી મહાયાત્રામાં ફર્યા જ કરવાનું છે. આ વિજ્ઞાન અટલ છે. આ લેખ સનાતનકાળથી લખાઈ ચૂક્યો છે. તેમાંથી તે છૂટી શકે તેમ નથી.

કેટલાક માણસો પૂછે છે કે, ઈશ્વરે માણસની આંખ આગળ

પડદો શા માટે રાખ્યો છે? માણસને ભૂતકાળમાં થઇ ગયેલા જન્મોનું જ્ઞાન આપવામાં ઇશ્વરને હરકત શી હતી? પણ આ પ્રશ્ન નકામો છે. તમે ઇશ્વરનો ગુણ જુઓ કે દોષ કાઢો પણ તમારી આંખ આગળ પડદો છે એ એક વાસ્તવિકતા છે. એટલે વાસ્તવદર્શી થઇને જે છે તેમાં સંતોષ માની લો એમાં જ ડહાપણ છે. એ ઉપરાંત ઇશ્વરની પ્રત્યેક યોજના મંગલ છે એમાં શ્રદ્ધા રાખો. ભૂતકાળમાં થઇ ગયેલા એવા જન્મોનું જ્ઞાન માણસને નથી એ તો સાચું. પરંતુ વધારવામાં, આજ જન્મમાં થઇ ગયેલા એવા કેટલાય પ્રસંગો છે જેનું જ્ઞાન કે સ્મરણ માણસને નથી. વીતેલા કાળની વાતોને ભૂલવાનું માણસને માટે કેટલીકવાર મંગલકારક હોય છે. જીવન એ જ રીતે ચાલે છે ને સુખમય બને છે. જીવનની રચના જ એવી છે કે માણસ જૂનાને ભૂલતો જાય છે ને નવાની સાથે અનુકૂળ થાય છે. દુઃખ ને વેદનાનો ભાર હળવો કરીને માણસ આગળ ને આગળ વધતો જાય છે. નિરાશાને ભૂલી જઇને આશાની પાંખ પર ઊડવા માંડે છે. જો જીવનનાં બધાં જ સુખદુઃખ યાદ જ રહેતાં હોત, ને આ જીવનમાં સુખદુઃખની સાથે બીજા બધા જ જન્મોનાં સુખદુઃખ તાજાં રહેતાં હોત, તો માણસનો બોજો ઘણો વધી જાત, પણ પરિસ્થિતિ તેવી નથી એટલે ઘણી રાહત છે. વિસ્મૃતિ આમ આશીર્વાદરૂપ છે. પૂર્વજન્મોનું જ્ઞાન થઇ જાય તો વધારે ભાગના માણસોને આ જીવનમાં રસ પણ ના રહે, જીવનનું રહસ્ય પણ ઉઘડી જાય ને જીવન અવ્યવસ્થિત થાય તે નફામાં. આ જન્મમાં જે સંબંધી છે તે ગયા જન્મોમાં જુદા સંબંધવાળા જ નીકળે. તેમની સાથેના સંબંધો દુઃખદ પણ બની જાય તે નફામાં. તેથી ભવિષ્યનું જ્ઞાન પણ માણસને નથી તે સારું છે. સંસારનાં સઘળાં



માણસો એક પ્રકારની આશામાં જીવ્યા કરે છે. તે આશાનો તાંતણો ભાવિના જ્ઞાનથી વધારે ભાગે તૂટી પણ જાય. વળી ભવિષ્યમાં જે દુઃખો આવવાનાં છે તેના સ્મરણથી જીવન અત્યારથી જ દુઃખી બની જાય.

એક માણસે એક મહાન સંતની સારી પેઠે સેવા કરી. તેથી તે સંતપુરુષ પ્રસન્ન થયા. સેવાના બદલામાં તેમણે કોઇ વરદાન માંગવા કહ્યું. સેવકે કહ્યું, તમે પ્રસન્ન થયા હો તો મને મૃત્યુનું જ્ઞાન થઇ જાય એવો આશીર્વાદ આપો.

સંતપુરુષે તેને સમજાવ્યો કે મૃત્યુની માહિતીમાં મજા નથી. પણ તેણે માન્યું જ નહીં. ત્યારે તેમણે કહ્યું કે, 'જા આજથી તને તારા મૃત્યુનું જ્ઞાન થઇ જશે.'

તેમના વચન પ્રમાણે તેને પોતાના મૃત્યુની માહિતી મળી ગઇ. પણ તેથી તો તે ધ્રુજી ઊઠ્યો. તેનું મૃત્યુ અઠવાડિયાની અંદરઅંદર જ થવાનું હતું. તે તો રડવા માંડ્યો. જે આનંદથી તે જીવન જીવતો હતો તે આનંદ દૂર થઇ ગયો. ખાવાનું, ફરવાનું, સૂવાનું બધું તેને માટે અકારું પડ્યું. અત્યારથી જ મરી જવા જેવી તેની દશા થઇ ગઇ. બીજે જ દિવસે તે સંતની પાસે ગયો. તેમનાં ચરણોમાં ઢળી પડ્યો અને ધ્રૂજવા લાગ્યો. ધ્રૂજવાનું કારણ પૂછતાં તેણે કહ્યું કે, મૃત્યુનું જ્ઞાન થયું ત્યારથી જ મારા હોશકોશ ઊડી ગયા છે.

સેવકે કહ્યું, હવે તો એવી કૃપા કરી દો કે મૃત્યુનું મળેલું જ્ઞાન હું સંપૂર્ણપણે ભૂલી જાઉં ને મૃત્યુ તો આવશે જ, પરંતુ વચ્ચેનો વખત હું શાંતિપૂર્વક પસાર કરી શકું.

સંતપુરુષે દયા કરીને તેને ફરી આશીર્વાદ આપ્યા ને તેનું દુઃખ દૂર કર્યું. આની સામે પરીક્ષિતની વાત મૂકી શકાય તેમ છે.

શમીક ઋષિના ગળે મરેલા સાપને વીંટાળીને તે જંગલમાંથી પાછો ફર્યો, ત્યારે ઋષિના પુત્રે તેને શાપ આપ્યો કે સાતમે દિવસે તક્ષક નાગના કરડવાથી તારું મૃત્યુ થશે. આ જાણીને પરીક્ષિતને શોક થયો. પણ તે સમજુ હતો. એટલે એ જ્ઞાનનો તેણે પોતાના હિતમાં ઉપયોગ કર્યો. શુકદેવની પાસેથી સાત દિવસ સુધી ભગવાનનાં ગુણગાન સાંભળીને તેણે શાંતિ મેળવી. છતાં પણ, એવા પ્રસંગ તો અપવાદરૂપે જ બનવાના. વધારે ભાગે તો મૃત્યુના જ્ઞાનથી માણસ મુંઝાઇ જવાનો. તેથી તે જ્ઞાન પર પડદો નાખીને પ્રભુએ ઠીક જ કર્યું છે ને જેને કલ્યાણ કરવું છે, તે તો મૃત્યુના ચોક્કસ જ્ઞાન વિનાયે કરી શકે છે. મૃત્યુ છે, એ જ્ઞાન તો સૌને છે જ. એટલે તે જ્ઞાનનો ઉપયોગ માણસ જીવનના મંગલમાં કરી શકે છે. આ સંસારમાંથી સૌએ વહેલું કે મોડું વિદાય થવાનું જ છે. એ વાત યાદ રાખીને માણસ આજથી જ પોતાના હિતસાધનામાં લાગી શકે છે. આ જીવન આપણા પહેલાંના જીવનનાં કર્મોનું ફળ છે. અનંત જન્મોથી આપણે કર્મો કર્યાં કરીએ છીએ. એ કર્મોના સારાંનરસાં ફળને પણ ભોગવીએ છીએ. આ ચક્ર ચાલ્યા જ કરે છે. પરમાત્માનો સાક્ષાત્કાર થવાથી જ આ ચક્રનો અંત આવી શકશે.

બહારના રૂપ—રંગ—આકારની ભાંજગડમાં ન પડવું.

પરમાત્મા ચુંબક ને જીવ સોય છે પણ જો સોય ચુંબક પ્રત્યે અભિમુખ ન હોય તો પરિણામ ન આવે.

—મા



# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**—મા સર્વેશ્વરી**

**વર્ષ : ૩૪ ડીસેમ્બર—૨૦૧૧ અંક ૩**

## શ્રી યોગેશ્વર કથામૃત

**—મા સર્વેશ્વરી**

**સ્થળઃ—૨, નરસિંહનગર, નારણપૂરા ચાર રસ્તા.**

**તા.૭/૪/૮૨ બુધવાર**

સવારે પૂ.શ્રી નિયમ મુજબ વ્યાયામ કરી લેખનકાર્ય કરી લે છે. સર્વેશ્વરી પણ વ્યાયામ, ધ્યાન ને લેખનકાર્ય કરી લે છે.

આજે ભોજન બાદ મુલાકાત શરૂ થઇ. આજે પણ મુલાકાતીઓથી આખોયે ઓરડો ભરાઇ ગયો.

પ્રશ્નોત્તરી શરૂ થઇ.

પ્રશ્ન :—પૂર્વકર્મ પ્રમાણે લક્ષ્મી સુખદુઃખ આ જન્મે પણ મળે?

પૂ.શ્રી :—કર્મનો એવો કોઇ ચોપડો મળતો નથી. એ માટે તો અનુમાન જ કરવું પડે. કર્મ પ્રમાણે સાધારણ જીવોને એ નિયમ લાગુ પડે. મહાપુરુષોને એ નિયમો ન હોય. કૃષ્ણનો જન્મ વાસુદેવ દેવકીના ત્રણ જન્મની પ્રાર્થનાના જવાબરૂપે હતો, પણ જન્મ પછી જે સુખદુઃખ મળ્યાં તે તેમની લીલાનો એક ભાગ

ગણાય.

મને જ એમ થાય છે ને કે મારો જન્મ સરોડામાં કેમ થયો હશે? વાતાવરણ પ્રતિકૂળ, લોકોમાં સત્સંગનો રસ નહીં, પણ માતાજીના સંસ્કાર એવા મજબૂત કે ત્યાં મારે તેમને માટે આવવું પડ્યું હશે, તે પહેલાં પણ તેઓ મારી સાથે જ હતાં. તેમણે પણ કેવો સહયોગ આપ્યો!

પ્રશ્ન : કૃપા મેળવવા શું કરવું?

પૂ.શ્રી : કોની!

પ્રશ્નકર્તા : ગુરુની.

પૂ.શ્રી : ગુરુની કૃપા મેળવવા ગુરુ કહે તે કરવું. ગુરુ જેમાં પ્રસન્ન રહે છે તે કરવું. ગુરુ કહે તેમાં કલ્યાણ જ છે, એમ માનવું. તન, મન, ધનથી તેમની સેવા કરવી. ગુરુમાં દોષદૃષ્ટિ ન રાખવી. ગુરુ તકીએ કેમ બેઠા? તો શું આખો વખત ગુરુ ઝાડની જેમ ટટ્ટાર ઊભા રહે? આપણે આપણા જ દોષો જોવા. આપણામાં કેટલાક દોષો ઓઢીને સૂતા હોય છે. શ્રદ્ધા, ભક્તિ, પ્રેમ, સમર્પણ હોય તો ગુરુની કૃપા મળે. એ રીતે પ્રભુની કૃપા પણ મળે.

બીજા એક બે પ્રશ્નો પૂછાયા, પણ તે નોંધને યોગ્ય ન હતા. મુલાકાત પૂરી થતાં સૌ વિદાય થયા. પૂ.શ્રીએ આરામ કર્યો. સાંજે એક કલાક લેખન કર્યું.

સાંજે દરરોજની જેમ પ્રવચન થયું. બટાકાવડા ને દૂધનો નાસ્તો લઈ આરામ કર્યો.

**૮/૪/૮૨ ગુરુવાર**

દરરોજની જેમ પૂ.શ્રી પોતાની દિનચર્યા શરૂ કરે છે. બધો



જ ક્રમ અતિનિયમિત રહ્યો. લગભગ ૧૦—૪૫ સુધી લેખનકાર્ય કરી પછી આરામ કરતાં કરતાં જપ શરુ કર્યા.

સાડા અગિયારે પૂ.શ્રી ભાખરી શાકનું ભોજન લઈ લે છે. બાર વાગ્યે મુલાકાત શરુ થઈ છે.

આજે સરોડાથી પણ બે ભાઈઓ મળવા આવ્યા છે. વળી મુલાકાતીઓ પણ દરરોજની જેમ આવીને બેઠાં છે. થોડી સામાન્ય વાતો બાદ પ્રશ્નોત્તરી શરુ થાય છે.

પ્રશ્નઃ— સિદ્ધ પુરુષ ને સંતપુરુષ કોને કહેવાય?

પૂ.શ્રીઃ— સિદ્ધિ વાળા તે સિદ્ધપુરુષ. સાચા અર્થમાં સિદ્ધ એટલે સીજી જવું. ખીચડી પાકી જવી જેને આપણે સીજી જવું કહીએ છીએ. ચંચળતા, અહંકાર, મમતા ન રહ્યાં ને પ્રભુપ્રેમના પાણીથી વાસના, કામના નાશ પામતાં સ્વરૂપદર્શન જેને થયું તે સિદ્ધપુરુષ. ભક્તિથી પણ માનવ સિદ્ધ બને. પણ અત્યારના જગતમાં કરામત કરનારા સિદ્ધ કહેવાય છે. પાણી પર ચાલનારા, અગ્નિ પર ચાલનારા તે સિદ્ધ. સાચો અર્થ મન પર જેણે વિજય મેળવ્યો તે સિદ્ધ.

સંત શ્રીમદ્ ભાગવતમાં કહ્યા પ્રમાણે શાંતમ્ મનઃ યસ્ય સઃ સંતઃ. મન જેનું શાંત થયું તે સાચા સંત. સાચા સંત તે સાચા સિદ્ધ છે. આદર્શ સંત હોય તે સિદ્ધ જ હોય. સંતો પણ કેટલાક વેશધારી હોય છે.

પણ માનવે સંત કે સિદ્ધ બનવાની હરીફાઈ ન કરવી. માનવે આદર્શ માનવ બનવા પ્રયત્ન કરવા. પરિણામે આદર્શ માનવની સાધનાથી ભક્તપણું, સંતપણુ, સિદ્ધપણું આવી જ જાય છે.

વિદેશમાં તો અમને માનવ જ માનવ દેખાય. તેઓ કેવા વિનયી ને સેવાભાવી છે તે જોઇ શકાય.

અમે હમણાં વિમાનનો પ્રવાસ અમેરિકામાં કરતાં હતાં ત્યારે એક એરપોર્ટ ઉપર ચારેક કલાક રોકાવાનું બન્યું. ત્યારે સ્વાભાવિક રીતે ત્યાંના સંડાસની મુલાકાત લીધી. તે સંડાસો દેવમંદિર કરતાં વધું ચોખ્ખાં હોય છે. ત્યાં હું બહાર નીકળી હાથ ધોવા ઊભો પણ નળ જલ્દી ખુલ્યો નહીં. તો તરત જ એક ભાઇ ત્યાં ઊભા હતા તેમણે વિનયથી પૂછ્યું, “આપને હું મદદ કરી શકું? ને પછી તેમણે મને એ રીતે મદદ કરી. માનવ માનવ તરીકે અજાણી વ્યક્તિને પણ કેવો ઉપયોગી થાય છે તે જોવા મળ્યું.”

બીજો પ્રશ્ન પૂછાયો.

પ્રશ્નઃ— જગતમાં વિવિધતા કેમ છે?

પૂ.શ્રીઃ—જગતમાં વિવિધતા તો સારી છે. પણ તેમાં સુખશાંતિ રહેતાં નથી કારણ આપણે સંયુક્ત રીતે આપણી સદ્‌બુદ્ધિનો ઉપયોગ ને પ્રયત્ન કરતા નથી.

પછી પૂ.શ્રીએ એના અનુસંધાનમાં બિંદુ  બાળગીતોના સંગ્રહમાંથી પાંચ જેટલાં ગીતો ગવડાવ્યાં.

૧. એવી બુદ્ધિ દો અમને કે ભલુ અન્યનું એથી થાય.

૨. અમે કરીએ પ્રાર્થના.

૩. જો ઈશ્વર મુજને શક્તિ દે.

૪. મા લડાઇ કેમ કરે છે?

૫. વર્ષા આવી આજ.

ગીતો બાદ થોડી વાતો. બાદ સમય પૂરો થતાં સૌ પ્રસાદ લઇ



વિદાય થયાં.

પૂ.શ્રીએ ભોજન બાદ છાશ લીધી. થોડો આરામ કરી સાંજે બે કલાક લેખનકાર્ય કર્યું.

સાડા છ વાગ્યે બે પત્રો લખાવ્યા અને તે લખાવતાં લખાવતાં ઓરડામાં આટા માર્યા.

પછી પ્રવચન સ્થળે જવાનું બન્યું. પ્રવચનમાં આજથી શ્રી ઈશ્વર પેટલીકર પણ આવે છે. તેમની સાથે થોડી સાહિત્ય પરિષદની વાતો થઇ.

પ્રવચન બાદ ઉતારા ઉપર આવીને દૂધ ને વેફર લઇ આરામ કર્યો.

(ક્રમશઃ)

## ★ પૂ. મા સર્વેશ્વરી ભારત પધાર્યા ★

પરમ વંદનીય માશ્રી સર્વેશ્વરી, વિદેશથી ભારતમાં અમદાવાદ આવ્યાં. ત્યાંથી વડોદરા શ્રી વિજયભાઇ પુરોહિતનાં પૂ.માતાજી હોસ્પીટલમાં હતાં, તેમની ખબર કાઢવા ગયાં. વળી કેટલાક ભક્ત પરિવારોને ત્યાં પણ પધાર્યાં. તા ૨૫મીએ સાંજે અંબાજી સ્વર્ગારોહણ આવ્યાં. પૂ.માનો એ સ્વભાવ કે માંદા માણસની ખબર પૂછવામાં કદી વિલંબ ના કરવો.

# ૐ મા પ્રભુ

(નોંધ :–શિબિરમાં હાજરી આપી પાછાં ફરેલાં બાળકોમાં કેવો બદલાવ આવ્યો છે, તે અંગેના પ્રતિભાવો કેટલાક મા–બાપોએ આપ્યા છે તે ગુજરાતીમાં છે. તો કેટલાક બાળકોએ પોતે અંગ્રેજીમાં પોતાના પ્રતિભાવો આપ્યા છે. અહીં કેટલાક મા–બાપોની ગુજરાતીમાં આવેલ પ્રતિભાવો રજુ કર્યા છે. **–તંત્રી**)

Isha–8 years

Shiven–6 years

જય કૃપાળુ મા,

પોતાના બાળકોને સારા સંસ્કાર મળે અને તેઓ આપણા કલ્ચરને સમજે વડીલોનું Respect કરે એવું દરેક માતા પિતા ઈચ્છતાં હોય છે પણ કેવી રીતે એ અમેરિકામાં રહેતા દરેક Parentsનો પ્રશ્ન છે. અને એ માટે આપણે ખૂબ જ પ્રયત્ન પણ કરતા હોઈએ છીએ.

પરંતુ સંતોની કૃપાદૃષ્ટિ કેવી હોય છે અને તેમનો દૈવી હાથ ફરે ત્યારે કેવા ચમત્કારો થાય છે એ અમે શિબિરમાં અમારી નજરે જોયું. મારાં બાળકો શિવેન અને ઈશા જે અમારી વગર એકલાં રહ્યાં નહોતાં તેઓ બધું જ જાતે કરતા અને શિવેન તો પૂ.માને સાન્તા ક્લોઝ કહેતો કે મા હંમેશા હસતા–હસતા આવે બધાને પોતાના વ્હાલથી પ્રેમથી તૃપ્ત કરે અને ખૂબ જ ચોકલેટો અને gift આપે. દરેક બાળક પૂ.માની ખૂબ જ આતુરતાથી રાહ જોતા. આખા દિવસની દરેક વાતો કહેવા માટે તત્પર રહેતાં જાણે કે એમને સાંભળવા પૂ.મા હંમેશા તૈયાર જ હોય.



અને પૂ.મા પણ પહેલા જ દિવસે બધાને કહી રાખ્યું હતું કે કોઈએ પણ આ બાળકો પર ગુસ્સો કરવાનો નથી. એમને જે જમવું હોય જ્યારે સૂવું હોય ત્યારે અને ગમે તેટલું રમવું હોય તે કરવાની તેમને છૂટ આપી દીધી હતી. જાણે કે બધા જ બાળ રાજાઓ...

અને નિત્યક્રમમાં સવારે પ્રાર્થના, ૧૧ પ્રણામ અને નવ ઓમકાર અને સૂતા સમયે પ્રાર્થના. અને જ્યારે માએ આપેલું રક્ષાકવચ પહેરી આ ફુલવાડી જ્યારે પ્રાર્થના કરતી હોય ત્યારે વાતાવરણ આખું દિવ્ય લાગતું. પૂ.માની કૃપા વગર ૨ વર્ષથી માંડીને ૧૦ વર્ષના બાળક ડાહ્યાં થઈને આ બધું કરે એ અશક્ય લાગતું હતું. પણ આ ઘણો change માત્ર ૧૦ દિવસ માટે જ ન્હોતો. ઘરે આવ્યા પછી પણ શિવેન અને ઈશા હંમેશા પોતાનો નિત્યક્રમ કરીને જ સવારનો નાસ્તો કરે છે, સાંજે પરિવારનો દરેક સભ્ય સાથે બેસીને પ્રાર્થના કરે એવો બાળકો ખાસ આગ્રહ કરે છે. તેમની પૂ.મામાં એટલી શ્રદ્ધા વધી છે કે અમારી દરેક activityને પૂ.મા જોઈ રહ્યાં છે. એટલે અમે જે કરીએ તે માને ગમવું જોઈએ એવું હોવું જોઈએ.

જ્યારે ન્યુજર્સીમાં વાવાઝોડું આવ્યું ત્યારે શિવેન કહે કે મમ્મી મા આપણી રક્ષા કરે છે.

અને પદ ગાવા લાગ્યો કે....

**સતત રક્ષા કરો છો આપ,**
**અનુભવતા અમે દિન રાત.**
**અમારા અંતરે શ્રદ્ધા,**
**કદી વાંકો ન થાયે વાળ...**

અને ત્યાં જ પૂ.માનો કુશળતા માટેનો ફોન આવ્યો અને

ખરેખર કોઈને કંઈ જ થયું નહિં અને સ્કુલના પહેલા દિવસે પણ શિવેને માને ફોન કરીને કહ્યું કે મા મારી સાથે રહેજો હું સ્કુલે જાઉં છું.

બસ, પૂ.માને મારી પ્રાર્થના છે કે મા અમારા અને તમારી આ ફૂલવાડી ઉપર પ્રેમ વર્ષાવતાં રહેજો. ખૂબ ખૂબ Thank You મા.

–Parul & Kameshના પ્રણામ.

## ★ New Year's Blessings ★

Shri Yogeshwar Parivar wishes a Happy X'mas and prosperous New year 1012 to every reader of this magazine. May Maa Sarweshwari and Pujya Gurudev shower blessings on all the creatures of this universe during this New year.

વિદેશના સર્વ સાધકભાઈબહેનોને શ્રી અધ્યાત્મ માસિક પરિવાર ને સર્વમંગલ ટ્રસ્ટ તરફથી નવા ખ્રિસ્તી વર્ષ નિમિત્તે શુભેચ્છાઓ પાઠવે છે. સૃષ્ટિના સૌ માનવો પર મા–પ્રભુના આશીર્વાદ ઉતરો એ જ મંગલ પ્રાર્થના.

**અધ્યાત્મ પરિવાર અને**
**સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ**
૧૭–૧૨–૧૧ ભાવનગર



# How the children felt about this Camp

***SIDDH Age: 6 grade: 2***

I like our picture with Om Maa. Yesterday we got armor from Om Maa. We got a candy necklace from Om Maa.

We got so much prashadi. I liked the trip to Crayola Factory.

I slept on my own. I learn all the pranams.

I loved camp. I'll come again.

Thank you Om Maa

***KAVITA Age: 13 Grade: 8***

Dear Maa,

Thank your for inviting me to this shibir. I had a lot of fun this week, and I can't believe it is already over. ..it was an amazing experience. The mandir was also a lot of fun. I learned a lot about the different Bhagwans.

I learned many new dhuns. For example: I didn't know the dhun Nanha Muna Rahi. I now really like that dhun, and has become one of my favorites.

I want to come again next year because I want to learn more dhuns, about the Bhagwans, and their childhood stories.

Thank you for inviting me Love, Kavita

**MANAN Age: 9 Grade: 4**

Dear Maa,

You are my favorite God. Your super powers are amazing. The decoration was very mega nice! Maa you are the fun person in the world. I found a kingdom in your place. I love your games. I had a lot of fun! Thank you thank you so much. You are the best! Maa is mega best

Love Manan

***ISHAAN Age: 8 Grade: 3***

Dear Maa,

My favorite thing about this shibir is everything.

I got one candy necklace that could almost touch the floor. Thank you for the raksha cavach. There were so many toys and so many candy at the Chocolate Factory. We went to the Chips Factory and we knew how to make chips.

I liked that Maa made us bring and ride our bike. I liked that we went to the train ride. When we went to shibir, I learned how to make a plane, a house, and 11 pranams.

***POOJA Age: 6 Grade: 1***

I like the posters OM MAA made! .....I like balloon OM MAA gave me. I enjoy doing prayers with OM MAA.

I like when Maa gave us blessings! I liked making stick puppets. Dancing for OM MAA



was fun!

Dear Maa I had fun with you thank you for inviting us!

***ISHA Age: 8 Grade: 3***

OM Maa,

Dear Maa,

You're the best! Thanks for taking us everywhere! Like the Crayola Factory, Mandir, and the train ride. I even liked the rafting place.

I learned some of the bhajans like Hay Yogeshwar and Hanuman Chalisa and the most I liked is the 9 mantras. We did a fasting for Maa's 10,000 day of fasting.

I wish we can stay. YOU let us do fireworks.

I can't wait to come AGAIN! THANKS! I LOVE YOU!

I WILL NEVER LET GO OF YOU!

***SHIVEN Age: 6 Grade: 2***

Dear Maa,

Maa's 10,000$^{th}$ day we celebrate the festival.

I don't want to leave Maa because she is Santa. Because whenever she comes to our house she gives us presents and she is always smiling.

I learned to wake up early, do fasting and we shouldn't eat before doing prayer.

All the things you did for me was wonderful.

The one that I love is you. Please forgive me all the mistakes I did. You gave me all these surprises and I thank you. I want to stay here.

From,

Shiven

***MOKSH Age: 5 Grade: Kindergarten***

We sang Varad Hasta.

Pujya Maa did Tilak.

We did so many projects.

I did drama.

In this camp I ate on my own, I learned to sleep on my own. I learned Nanha Munna Rahi, I learned Pranams. I want to come back because I feel special with Om Maa.

***KAVYA Age: 6 Grade: 1***

Om Maa tame mara sapana ma roj avjo. Tame mara ghare avjo.

Om Maa gave us raksha cavach and a candy chain. Mane camp Ma badhoo gamyu.

Badhama Mane Maa ye ashirvad apyu te gamyu. Mane frames paint karvani bahuj maja ayvi. Mare avta varshe pachu avvu che.

Love, Kavya

***PUJYA Age: 3***

Maa ane Prabhu apana maata pita che. Maa ye candy ni chain api hati. (ગુજરાતી અંગ્રેજી લીપીમાં)

Maa ye shaal api hati. Ane, ena thiy apre mota thaye.



Kale natak ma Maa bani hati.

Maa threw balls to us.

I like taking photos with MAA.

I love riding my bike with MAA.

***KIRTAN Age: 7 Grade: 3***

Maa exercised with us.

I learned that you should not stand up when eating dinner.

My favorite thing was that Maa was letting us ride our bikes. We made frames and painted.

Thank you for letting us to go to the all factorys and you are the best ever ever I love you Maa.

***VIREN Age: 10 Grade: 5***

Om Maa Prabhu–Maa gave us armor (raksha kavach). Maa you also played with us in the rain. What I learned is that always count on Maa to solve your problems. Maa I want to come back because I had so much fun in one week.

Your the best.

Your Om Maa Lion, Viren.

---

## ★ Correction ★

The place of the Fulwadi 2011, mentioned in the issue of Nov. 2011, at page No. 4 & 7, is not in Canada, but is in U.S.A. The mistake is regretted. Thanks to those who drew our attention. –Editor

પ્રકાશન પર્વ

# અધ્યાત્મનો અનસ્ત સૂર્ય : યોગેશ્વરજી

તંત્રી

તા. ૨૬/૧૦/૨૦૧૧થી સ્વર્ગારોહણમાં પૂ.માની ઉપસ્થિતિમાં એક વિશેષ કાર્યક્રમ આરંભ પામ્યો. આ કાર્યક્રમ હતો પૂ. શ્રી મહાત્મા યોગેશ્વરજીની આત્મકથા 'પ્રકાશના પંથે'નું–જીવન કથામાં રૂપાંતર. તેનાં લખિકા હતાં પ્રો. તરલાબહેન દેસાઇ. તેમજ આ જીવન કથાને નામ આપવામાં આવ્યું છે **અધ્યાત્મનો અનસ્ત સૂર્ય : શ્રી યોગેશ્વર.** આ જીવન કથાના પ્રકાશનનું આ પર્વ પાંચ દિવસ ચાલ્યું.

આ પ્રસંગે પૂ.માએ દર્શાવ્યું કે પૂ.શ્રી યોગેશ્વરજીના અક્ષર દેહના સન્માનનું આ પર્વ છે. ગ્રંથરૂપે પૂ.યોગેશ્વરજીનો આ અક્ષર દિવ્ય દેહ છે. એના સન્માન પછી એના દર્શનનો ક્રમ હોઇ શકે.

મંદિરોમાં પ્રભુના દર્શન પૂર્વે ભક્તો કીર્તન કે સ્તુતિ ગાય, તે પછી પ્રભુનાં દર્શન ખુલે, તે પ્રમાણે અહીં તરલાબહેનના લેખનનો આ પ્રસાદ પ્રાપ્ત થશે. તે પછી પૂ.મા અને તરલાબહેન એ પુસ્તકનું વિમોચન કરે છે. તેને શ્રીવિઠ્ઠલભાઇ ગોહિલ પુષ્પાંજલિ અર્પણ કરે છે.

પૂ.શ્રીમા લખે છે કે પૂ.શ્રીની હયાતીમાં સુરતમાં શ્રી પ્રકાશના પંથે આત્મકથાનું પ્રકાશન સને ૧૯૭૭માં થયેલું ત્યારે તે સમારંભમાં તેઓ ઉપસ્થિતિ હતાં. તે પછી તેના સંક્ષિપ્ત સ્વરૂપ–પ્રકાશ પથ કે યાત્રી હિંદીમાં મુંબઇમાં પ્રકાશિત થયું



ત્યારે પણ હતાં.

વળી શ્રીપંકજભાઇ અને દક્ષાબહેનના આર્થિક સહયોગથી 'પ્રકાશના પંથે'ની બે ભાગમાં ફોટાઓ સાથેની નવી આવૃત્તિ પ્રાપ્ત થઇ, તેમાં પણ તેઓ ઉપસ્થિત હતાં. અને આજ જ્યારે એ આત્મકથા–શ્રી તરલાબહેનને હાથે જીવન કથારૂપે પ્રકાશિત થઇ રહી છે, ત્યારે ઉપસ્થિત રહી શક્યાં છે. તેમાં પણ પૂ.ગુરુદેવની કૃપાનો અનુભવ કરી રહ્યાં છે.

આ ગ્રંથના લખાણ અંગે પોતાની વાત રજુ કરતાં શ્રી તરલાબહેન જણાવે છે કે દસ વર્ષના પરિચય દરમ્યાન પૂ.માએ કદી પણ પૂ.શ્રી ઉપર લખવા અમને દખાણ કર્યું નથી. પૂ.શ્રીનું જીવન વાંચતાં ને પૂ.માના સાન્નિધ્યના પરિણામે જ અમને પૂ.શ્રીના જીવનના થોડાક પ્રસંગોને સંક્ષેપમાં લખી, તેના ગર્ભિત અર્થો દર્શાવવાની સ્ફુરણા થઇ. પછી તો જાણે પૂ.શ્રીની શક્તિ જ એ લખાવતી રહી પૂ.માની પ્રેરણા તો પાયામાં હતી જ. જો કે આ કામ ખરે જ ખૂબ અઘરું હતું, છતાં ઘણા થોડા વખતમાં જ તે સંપન્ન થયું, તેમાં પૂ.શ્રી અને પૂ.માની કૃપા જ કામ કરી રહી છે, એવું અમે અનુભવ્યું.

શ્રી તરલાબહેનને એમ પણ લાગ્યું છે કે પૂ.શ્રી જેવા એક મહાન તપસ્વી સંત સાહિત્યકારને ઓળખવામાં ગુજરાત ઉણું ઉતર્યું છે, એવો રંજ સાચો લાગે છે.

આ પુસ્તક દ્વારા મૂળ પ્રકાશના પંથે ગ્રંથને વાંચવાની પ્રેરણા– અધ્યાત્મના સાચા પ્રવાસીને થશે જ એવું મારું માનવું છે, કારણ કે માણસના મનને પલટાવવાનું સામર્થ્ય–આ ગ્રંથમાં છે. ભલે ગ્રંથરૂપે પૂ.શ્રી પરોક્ષ હોય, પરંતુ પૂ.મા તો પ્રત્યક્ષ છે જ.

અંતમાં શ્રી તરલાબહેને કહ્યું છે કે પૂ.માનો એ શુભ આશીર્વાદ કે તમારી કલમ—સત્ય માટે પ્રભુ પ્રતિ જ ચાલે એ આ પુસ્તકના લખાણમાં કામ કરી રહ્યો છે, કારણ કે એના લખાણ દરમ્યાન અમારામાં સહેજ પણ અહંભાવ પ્રવેશ્યો નથી. જે જેનું છે તે તેને અર્પણ. પૂ.માના અનુગ્રહ વગર આ પુસ્તક લખાઇ શકાયું જ ના હોત.

પૂ.મહાત્માજીના જીવનની વાત કરતાં જણાવ્યું કે શ્રી યોગેશ્વરજીમાં બાળપણથી કેટલીક વિશેષતાઓ હતી જ, પરંતુ આધ્યાત્મિક માર્ગે જીવન જીવવાના સંકલ્પનો પાયો વિદ્યાકાળથી જ તેઓમાં નંખાયો. તેથી વર્તમાન શિક્ષણ તેમના આધ્યાત્મિક પંથમાં બહુ ઉપયોગી નહીં જણાતાં, તેને તિલાંજલિ આપી, તો લગ્નજીવન પણ પોતાના માટે આવશ્યક નથી, તેથી તેની પણ ના પાડી દીધી, જે સમાજના માણસોને ન સમજાય તેવી વાત હતી.

એ સાચું છે કે કોઈપણ માનવ શરીરધારી ગુરુના પ્રત્યક્ષ માર્ગદર્શન વિના અધ્યાત્મના માર્ગે આગળ વધવું મુશ્કેલ છે, છતાં તેઓના જીવનમાં તેઓને પોતાનામાંથી મળી રહેતા આત્મિક માર્ગદર્શન પ્રમાણે ચાલવું અઘરું છે. છતાં તેઓ તે પ્રમાણે ચાલ્યા ને જીવનમાં સફળ થયા.

તેઓના જીવનની સૌથી વિશિષ્ટ વાત એ છે કે પ્રારંભથી જ ઈશ્વરદર્શનને જ તેઓએ પોતાના જીવનનું ધ્યેય નક્કી કરી દીધેલું. તે વખતે તેમના મનમાં ઈશ્વરના વ્યાપક સ્વરૂપનો ખ્યાલ હતો. કોઈ ચોક્કસ સાકાર સ્વરૂપ નક્કી ન હતું. પરંતુ ઈશ્વરને મા તરીકે જોવાનું, તે પ્રેમપૂર્વક યાદ કરવાનું ગમતું. શ્રી



રામકૃષ્ણ પરમહંસનું જીવન વાંચતાં જ તેમના મનમાં એવા ભાવ ઉઠવા માંડ્યા કે જાણે તેઓ પોતાના જ પૂર્વ જીવનની કથાને વાંચી રહ્યા છે.

ઈશ્વરદર્શનનું ધ્યેય તો ખરું પણ તેને સિદ્ધ કરવા કઇ સાધના પદ્ધતિ અપનાવવી તે અંગે બહુ સ્પષ્ટતા ન હતી. જ્ઞાન, યોગ કે ભક્તિમાંથી ક્યા માર્ગે પોતાનું ધ્યેય સિદ્ધ થશે, તે અંગે એમને પોતાના સાધનાત્મક જીવનમાં કોઇ માનવ શરીરધારી ગુરુને કે પ્રસ્થાપિત સંપ્રદાયને સ્વીકાર્યો ન હતો. આથી એમનો સાધનાપથ કષ્ટપ્રદ ને અનેક સાધનાત્મક મૂંઝવણોથી ભરેલો હતો.

સને ૧૯૪૭ના નવરાત્રીના પ્રારંભ પહેલાં મા જગદંબાને ઈષ્ટ તરીકે, પ્રસ્થાપિત કરી સાધના કરવાનો આદેશ આંતર જગતમાં સંભળાતાં તેમની સાધના ધ્યેયલક્ષી બની ગઇ. પછી તો મા જગદંબાના સ્વરૂપના પ્રત્યક્ષ દર્શનની તેમને લગની લાગી. તેના ફળસ્વરૂપે કઠોર સાધના અને ઉપવાસોનો ક્રમ ચાલુ થયો, જે ૧૯૬૦ના જાન્યુઆરીમાં મા જગદંબાના પ્રત્યક્ષ સાક્ષાત્ દર્શન જાગ્રતદશામાં થતાં પૂરો થયો.

પછી પણ સાધના તો ચાલુ રહી, કિન્તુ સ્વાન્તઃ સુખાયનું ધ્યેય પૂરું થયું ને પરજનહિતાય માટે પ્રવચનો અને આધ્યાત્મિક ગ્રંથોની રચનાનો કાળ શરૂ થયો. આ બધી જ વાતોનું વિશ્લેષણ શ્રી તરલાબહેને પોતાના વક્તવ્યમાં સરસ રીતે કર્યું.

પૂ.શ્રીની સંક્ષિપ્ત જીવન કથાના પ્રકાશન પર્વના એકધારા પાંચ દિવસમાં—વાંચન અને અવલોકન યજ્ઞમાં સાધક શ્રોતાઓને સરળ રોચક શૈલીમાં રસાસ્વાદ કરાવી, શ્રી તરલાબહેને સંતૃપ્ત કરી દીધા. એટલે તો પૂ.માએ નોંધ્યું કે જેનો સાહિત્ય વિષય નથી

એવા ભાઈ હેમલ જેવા અથવા તો જે હાઈસ્કુલ કે કોલેજમાં ભણે છે એવા અનેક વિદ્યાર્થી, તેમજ વૃદ્ધોએ આ યાત્રાને મન મૂકી માણી છે. અને તેના રસપૂર્વકના શ્રવણથી દીવાળી ને નવા વર્ષના પર્વને સુધાર્યું છે.

આ પુસ્તકમાં શ્રી તરલાબહેને વિશેષરૂપે આત્મકથાના અંતિમ ભાગમાં ન વર્ણવાયેલ વિગતો જેવી કે પૂ.શ્રીની ભૌતિક વિદાય—તેમજ પૂ.શ્રીએ શિબિરો, વિદેશ પ્રવાસો ને પ્રવચનો અને લેખન દ્વારા આધ્યાત્મિક જાગૃતિ લાવવાના પ્રયાસો છેક સને ૧૯૮૪ના માર્ચ મહિના સુધી એકધારા કર્યા, તે વાતોનો સમાવેશ છેલ્લાં બે ત્રણ પ્રકરણોમાં તેમજ પરિશિષ્ટમાં કર્યો છે.

પૂ. મા શ્રી સર્વેશ્વરીને ***"અનસ્ત યોગેશ્વર જ્યોત્"*** તરીકે વર્ણવ્યાં છે, તે વિશેષતા છે.

## પુસ્તકના વેચાણનો પ્રારંભ

અધ્યાત્મનો અનસ્ત સૂર્ય : શ્રી યોગેશ્વર. પુસ્તકની છાપેલી કિંમત રૂા.૧૭૫ છે. પરંતુ તેમાં લેખકને જે કન્સેશન મળે છે તેને લીધે રૂા. ૫૦માં આપશે. તેમાં પણ શ્રી દિલીપભાઈ ઉપાધ્યાયે પોતા તરફથી, આજના દિન માટે પુસ્તક દીઠ રૂા. ૧૫ની સહાય જાહેર કરતાં રૂા. ૩૫માં વેચાણમાં મૂકાતાં ૪૫૦ કરતાં પણ વધુ નકલો વેચાઈ ગઈ હતી.

પૂ.શ્રીએ લખેલ આત્મકથા પ્રકાશના પંથેની શરૂમાં કિંમત રૂા. ૫૦ હતી. પરંતુ પૂ.શ્રી પોતાના સત્સંગના સ્થળે પોતાને લેખક તરીકે જે રોયલ્ટીના રૂા. ૧૫ મળતા તે ખરીદનારને આપી દેતા. આમ જોગાનુજોગ રૂા. ૩૫માં તે પુસ્તક પણ વેચાયેલું.



## શુભ સંકલ્પ

રાજકોટના ઉત્સાહી સેવાભાવી સાધક શ્રી ચંદ્રકાન્ત પંડ્યાએ આ પુસ્તકની ૩૦૦૦ જેટલી નકલો ઘરેઘરે ફરીને વેચવાનો સંકલ્પ પૂ.માને જણાવેલ. તે માટે સૌએ એમને અભિનંદન આપ્યા.

શ્રી ચંદ્રકાન્તભાઈ પંડ્યા—વ્યવસાયે નિવૃત્ત શિક્ષક છે ને તેઓએ પૂ.શ્રીની આત્મકથા પ્રકાશના પંથે વેચવામાં સારો ઉત્સાહ બતાવેલ.

જાણવા મળ્યા પ્રમાણે પૂ.મા તરફથી મળેલ સહાયને લીધે તેઓ આ પુસ્તક રૂા.૪૦માં વેચશે.

આ પુસ્તક સ્વર્ગારોહણ, અંબાજી ખાતેથી રૂા. ૫૦માં મળશે.

## પુસ્તકના નામ અંગે સ્પષ્ટીકરણ

શ્રી તરલાબહેને આ પુસ્તક **અધ્યાત્મનો અનસ્ત સૂર્ય શ્રીયોગેશ્વરજી**—એવું નામ શા માટે આપ્યું? તે અંગે સમજાવતાં તેઓએ કહ્યું કે ભૌતિક દુનિયામાં સૂરજ ઊગે છે ને પછી અસ્ત પામે છે, પરંતુ પૂ.શ્રી યોગેશ્વરજીએ કરેલી પ્રકાશના પંથ પરની યાત્રાનો સૂરજ એકવાર ઉદય પામ્યા પછી કદી અસ્ત થતો નથી થવાનો પણ નથી. તેથી ઉત્તરોત્તર તે વિશેષ ને વિશેષ પ્રકાશ ધરતો રહેશે, ને પૃથ્વી પર જ્યાં સુધી પ્રભુના પંથે સાધના કરનાર સાધક રહેશે ત્યાં સુધી તે પ્રકાશ ધરતો રહેશે. કારણ કે પૂ.શ્રીનું ધ્યેય, વધારે પ્રકાશ, વધારે પ્રકાશિત થતાં થતાં સ્વયં પરમાત્મા સ્વરૂપ પ્રકાશમય થઈ જવું, તેવું હતું. એટલે એને અસ્ત થવાનો કોઈ ડર છે જ નહીં.

## પુસ્તક વિષે

શ્રી તરલાબહેન કહે છે આ પુસ્તકમાં આત્મકથામાંથી બધા જ પ્રસંગો કે ઘટનાઓ લેવામાં નથી આવી. પરંતુ જન સામાન્યને નજરમાં રાખી, આજના અતિ ઝડપી યુગમાં શક્ય તેટલા સંક્ષેપમાં વાંચનારને અધ્યાત્મના એક પ્રયોગ વીરે સાધનાત્મક ક્ષેત્રે જે અનુભવો કર્યા, જે જે પરિસ્થિતિઓમાંથી માર્ગ કાઢી, છેક ઈશ્વરના પ્રત્યક્ષ દર્શન સુધી કેમ પહોંચાયું, તેની વાતો પોતાના સ્વાનુભૂતિના આધાર પર લખી છે. મૂળ પુસ્તકમાં તેનું વિસ્તારથી આલેખન છે, જ્યારે આ જીવન કથામાં મેં તે સંક્ષેપમાં રજુ કરી તેનો સારબોધ પૂ.શ્રીના શબ્દોમાં જ રજુ કર્યો છે. વધારે રસ ધરાવનાર વ્યક્તિએ મૂળ પ્રકાશના પંથે– આત્મકથા વાંચી લેવા ભલામણ છે. આ ગ્રંથ બે ભાગમાં બીજીવાર પ્રસિદ્ધ થયો છે ને તે અંગે મેનેજરશ્રી, સ્વર્ગારોહણ, દાંતા રોડ, અંબાજીનો અથવા તંત્રી, અધ્યાત્મ ભાવનગરનો સંપર્ક કરવો.

## ગ્રંથની ઉપલબ્ધિ

ઈમેજ પબ્લીકેશને–સુંદર સફેદ કાગળો સારા પ્રિન્ટીંગવાળો આ રૂા.૧૭૫ની કિંમતનો ૨૩૬ પૃષ્ટો ધરાવતો ગ્રંથ સર્વમંગલ ટ્રસ્ટ તરફથી રાહત દરે રૂા.૫૦માં મળશે. પ્રાપ્તિ સ્થાન : સ્વર્ગારોહણ, દાત્તા રોડ, અંબાજી, તથા તંત્રી શ્રી અધ્યાત્મ, ૬, વૃંદાવન ફ્લેટ્સ, આતાભાઇ હવેલી પાસે, ભાવનગર–૧ (ટપાલથી કે આંગડિયાથી મોકલવાની વ્યવસ્થા નથી, તેની નોંધ લેવી.)



# પૂ.મા શ્રી સર્વેશ્વરીના જન્મદિનની સ્વર્ગારોહણમાં ઉજવણી

નારાયણ હ. જાની

પ.પૂ.માશ્રી સર્વેશ્વરીના જન્મદિનની ઉજવણી અંબાજી ખાતેના સ્વર્ગારોહણમાં તા.૧૨ અને ૧૩ નવેમ્બરના રોજ થઇ. પૂ.માએ તા.૧૩ ના રોજ ભૌતિક શરીરના ૬૯મા વર્ષમાં પ્રવેશ કર્યો–ત્યારે સ્વર્ગારોહણના ઇતિહાસમાં પહેલી જ વાર આટલા બધા સાધક ભાઇબહેનોનો સમુદાય ઉભરાયેલો જોવા મળ્યો.

આ બે દિવસો–એક તીથિ પ્રમાણે અને બીજો તારીખ પ્રમાણે જન્મદિન આવતો હોય તેવું બહું ઓછા વર્ષમાં બનતું હોય છે.

પૂ.મા એટલે જાણે પૂ.ગુરુ ભગવંત પ્રત્યેની સાધનાનું સાકાર સ્વરૂપ. આથી પૂ.માએ આશ્રમના પ્રભાતના નિયમો સિવાય સાધકોને એક દિવસ પૂ.ગુરુદેવની બાવનીઓ, તો બીજા દિવસે પૂ.માની બાવનીઓના ગાનનો જ એક માત્ર સાધના કાર્યક્રમ આપ્યો. પૂ.માનું પ્રભાત ૫ વાગે સમૂહમાં પ્રભાતિયાના ગાનથી થતું. પૂ.માનો આદેશ હતો કે સ્નાન કરેલ સાધકો જ તેમાં ભાગ લે. સાધકો માટે આ અઘરું હતું, કારણ કે આગલા દિવસોમાં પૂ.માએ રાતે દોઢ વાગ્યા સુધી ગરબા કરાવી, આઇસક્રીમનો પ્રસાદ પણ જમાડેલ.

છતાં સાધક ભાઇબહેનોએ સ્નાન કરીને પ્રભાતિયાના ગાન ઉપરાંત મૌન જપમાં ભાગ લઇ પોતાનો સરસ ભાવ પ્રદર્શિત કર્યો.

પૂ.મા સ્વર્ગારોહણ આવે અને આદિવાસી લાકડાની ભારી લઈ અંબાજી ગામમાં આવતી નાની નાની દીકરીઓ બહેનો ને કેટલીક વૃદ્ધ બહેનો ને ભાઈઓ પ્રસાદ ન પામી એવું ઘણાં વર્ષોથી બન્યું નથી.

આ પ્રસાદમાં બુંદી ગાંઠિયા ને બિસ્કીટ સાથે શરીર લૂછવાના રૂમાલ, ઓઢણું કે ધોતિયું ને સ્ટીલના વાસણો ઉપરાંત દરેકને લક્ષ્મીનો પ્રસાદ પણ ખરો. તા.૧૨ના રોજ આ સત્કર્મ શ્રી પરમાર્થી પરિવાર–(શ્રી મણિબેન, દક્ષાબેન, ભાવનાબેન ને પ્રેરણાબેન) તરફથી સંપન્ન થયું. તો તા. ૧૩મીનું સત્કર્મ પૂ. મા તરફથી હતું.

પૂ.માનો આ કૃપા પ્રસાદ પામવાનું સદ્ભાગ્ય ૧૦૦ ઉપરાંત બાળકો, તેમજ ૩૫૦ જેટલી અન્ય બહેનોને મળ્યું પૂ.માએ આ સત્કર્મમાં અધ્યાત્મના તંત્રીને તથાશ્રી બાલુભાઈ પટેલ (માજી મેનેજર સ્વર્ગારોહણને) પણ ભાગીદાર બનાવી બન્ને વૃદ્ધોને કૃતકૃત્ય કરી દીધા.

પૂ.માનો પ્રસાદ આ આદિવાસી બાળકો ને બહેનોનો સમુદાય પણ પૂ.માની આ દરિદ્રનારાયણની વંદનાને અભિભૂત થઈ નહાળી રહ્યો અને "ૐ મા જય મા"ના ઉદ્ઘોષથી સવારના વાતાવરણને ગજવી મૂક્યું. સાચે જ એ દૃશ્ય અદ્ભુત અને માણવા જેવું હતું. કોઈ ઈશ્વરદર્શી સંત ભલા આ રીતે ગરીબોના સમૂહને ભગવદ્ભાવે નમન કરતાં ભાગ્યે જ જોવા મળે.

જન્મદિને પૂ.માએ સાધકોના સમૂહ સાથે હોલમાં જ એક સાથે ૩૩૪ જેટલા પંચાગ પ્રણામ નિર્જળા ઉપવાસો છતાં કરીને સૌને આશ્ચર્ય મુગ્ધ કરી દીધા. તે જોતાં લાગ્યું કે જાણે કોઈ દિવ્ય



દૈવીશક્તિ જ પૂ.મા સ્વરૂપે આ વંદના ગુરુદેવ પ્રભુને કરી રહી છે.

સાંજના કાર્યક્રમમાં સમૂહમાં ભજન ધૂનનો સમાવેશ થતો. પૂ.મા પ્રભુના રચેલાં પદો અને એમની જ ધૂનોની એવી તો રમઝટ ભક્તોએ બોલાવી કે કલાક ક્યાં પૂરો થઈ ગયો તે ખબર ન પડી. જાણે સહુને ભાવ સમાધિ લાગી ન હોય એવું દેખાતું.

પૂ.માએ પોતે જ પોતાના બાળપણના જીવનની કથા લખી છે. એનું નામ છે 'પોયણું પાંગર્યું'. પૂ.માએ ખૂબ તટસ્થ ભાવે પોતે બાળપણમાં કેવાં જીદ્દી હતાં, કેવી વિચિત્ર ટેવો ધરાવતાં તેનું તેમજ તેમના પૂ.પિતાશ્રી કાલિદાસનો કેવો અદ્ભુત પ્રેમ પામેલ, એઓએ કેવા સરસ ને ઉત્તમ ધાર્મિક સંસ્કારોનું સિંચન તેમનામાં કરેલું, તેની સરસ વાતો તેઓએ આલેખી છે. આ ઉપરાંત પોતાના પિતાજી, દાદાજી ને નાનાજીના ઉત્તમ ગુણોનું દર્શન કરાવી. અંજલિ પણ આપી છે. આ પોયણું પાગર્યું. ને વાંચીને તેમાં વર્ણવેલી ઘટનાઓમાંથી પૂ.માના આજના જીવન સાથે કેવા સંકેતો મળે છે તેનું ખૂબ જ રોચક ને ભાવપૂર્ણ રસપાન પ્રો. શ્રી તરલાબહેન દેસાઈએ કરાવ્યું હતું. તેઓના આ ચાર કલાકના વક્તવ્યમાં પૂ.મા પ્રત્યેનો ખૂબ જ પૂજ્યભાવ ને આદર વ્યક્ત થયા વિના રહેતો ન હતો. સાંભળનારાઓને પણ તેઓએ એમાં તરબોળ કરી દીધાં.

પૂ.માની સરલતા, સહજતા અને અહંશૂન્યતા ત્યારે દીપી ઊઠી જ્યારે પૂ.માએ જન્મદિન નિમિત્તે આવેલ સર્વ સાધક ભાઈબેનો પાસે જઈને, પ્રણામ કરી તેઓને સૂકામેવાના પ્રસાદ સાથે લક્ષ્મીનો પ્રસાદ પણ દીધો. એમ કરીને જાણે સૌના આગમનને પૂ. માએ સાર્થક કરી દીધું.

પૂ.માના આવા પ્રેમભર્યા વર્તાવે સહુ સાધક ભાઈબેનોને

ભીંજવી દીધા. તેને લીધે રાત્રિના મનોરંજન કાર્યક્રમમાં વીસ જેટલી મોટી ઉંમરની બહેનોએ સરસ ગરબા રજુ કર્યા; એટલું જ નહિ આજે સાધકો એ ફળાહાર કરી પૂ.માના જન્મદિન નિમિત્તે પ્રભુને પ્રાર્થનાઓ કરી. રાત્રે પૂ.ગુરુદેવશ્રી યોગેશ્વરના પૂ.માનો મહિમા દર્શાવતા પ્રવચનની કેસેટ સાંભળી જન્મદિનની ઉજવણીની જાણે સમાપ્તિ કરી. આમ કરી પૂ.માએ પોતાના આચરણથી સાધકોને કેવો સરસ સંદેશ ધર્યો?

આપણે આપણો જન્મદિન સારું ખાઈપીને, મિત્રો સાથે મોઝમજા કરીને એકાદ ફિલ્મ જોઈને, કેક કાપી કે જલસા કરી ઉજવીએ છીએ.

પરંતુ પૂ.માના જન્મદિનની આ ઉજવણી આપણને સંદેશ ધરે છે કે જન્મદિને પ્રભાતમાં પ્રભુસ્મરણ અને સત્કર્મ કરો, વડીલોને પ્રણામ કરો ને ભૂખ્યા ન રહી શકતા હો તો થોડું ખાઈને વધુમાં વધુ સમય પ્રભુ સ્મરણ અથવા જાત સાથે એકલા બેસી, જીવનના અંતિમ લક્ષ વિષે વિચારો તો નવા વર્ષનો શુભ આરંભ જીવનમાં સુખશાંતિનો સંદેશ અવશ્ય લાવશે. હે મા, અમે પણ આપના જીવનમાંથી પ્રેરણા લઈ—પ્રભુના માર્ગે જવાના સંકલ્પ સાથે અમારો જન્મદિન ઉજવતા થઈએ એ માટે પૂ.ગુરુદેવ અને આપ અમને શક્તિ ધરતાં રહેજો, એજ પ્રાર્થના.

★ આપણાં કર્મો સિવાય આપણને કોઈ દુઃખી કે સુખી કરી શકતું નથી.

★ ભગવાન પાસે જ માગો. એની પાસે માગવાનો આપણને હક છે.

★ મંદિર બાંધો પણ તમારા હૃદયમાં બાંધો.

—યોગેશ્વરજી



# શ્રી યોગેશ્વરજીનું સંક્ષિપ્ત જીવન ચરિત્ર

(ઓક્ટોબર ૨૦૧૧થી આગળ) **ડૉ. અરુણિકા મનોજ દરુ**

## દશરથાચલ પર સાધનાનીશરૂઆત

યોગેશ્વરજીએ દેવકીબાઈની ધર્મશાળાની નોકરી છોડી ત્યારે ચંપકભાઈને ખબર આપેલી તે આવીને મળ્યા. ત્યાંથી તેઓ બન્ને દેવપ્રયાગ ગયા. ચક્રધરજીને મળ્યા અને દશરથાચલ પરના શાંત વાતવરણમાં સાધન કરવા ગયા. ત્યાં પાણીની તકલીફ એટલે રોજરોજ કપડાં તો ધોવાય જ નહીં. હિમાલયનો પ્રદેશ અને માગસર મહિનો ઠંડી સખત પડે, છતાંપણ લંગોટીભેર રહી સતત સાધના કરતા રહ્યા. એક મૃગચર્મ, શેતરંજી તથા ઓઢવાનો જાડો કામળો—એટલાથી યોગેશ્વરજીએ કામ ચલાવ્યું ચંપકભાઈ પાસે પણ કેવળ કાનટોપી કામળી અને ગરમ લાંબો કોટ એટલું અપૂરતું સાધન, છતાં હિંમત હાર્યા વગર તેમણે યોગેશ્વરજીને સાથ આપ્યો. દિવસે મોટે ભાગે તેઓ ઠંડી ઉડાડવા તડકે બેસતા. યોગેશ્વરજી મોટે ભાગે મૌન રહેતા અને રાતદિવસ બેસી રહીને જપ કરતા. તેથી ચંપકભાઈને પણ મૌન જ રહેવું પડતું. તેઓ પણ તેમની રુચિ પ્રમાણે જપ અને પ્રાર્થના કરતા રહેતા. અઠવાડિયે એક વાર એક પર્વતીય છોકરો દેવપ્રયાગથી જરૂરી વસ્તુઓ લઈ આવતો અને પાણી ભરી આપતો. ચંપકભાઈ ભોજન બનાવતા. મોટેભાગે ખીચડીથી કામ ચાલતું. ક્યારેક ભાખરી કે શીરો, દાળ, શાક કે અથાણાંની તો અનુકૂળતા જ ન હતી. કોઈ વાર રાત્રે રાબ બનાવતા. યોગેશ્વરજી ધ્યાનમાં બેઠા હોય ત્યારે ધ્યાન છૂટે તેની રાહ જોતાં ચંપકભાઈ જમ્યા વગર બેસી રહેતા. આ ચંપકભાઈએ ખૂબ

પ્રેમપૂર્વક યોગેશ્વરજીની સેવા કરેલી, વળી ચંપકભાઈને જે આર્થિક મદદ મળતી તેમાંથી જ આ બન્નેનો ખર્ચ ચાલ્યા કરતો. ચંપકભાઈ જ યોગેશ્વરજીના માતાજીને તથા મુંબઈના નારાયણભાઈને પણ પત્રો લખતા. દશરથાચલ પર યોગેશ્વરજીને સમાધિદશાનો અનુભવ થયો. શરૂઆતમાં પા અડધો કલાક પછી ચાર—પાંચ કલાક શરીરની વિસ્મૃતિ થવા લાગી. યોગેશ્વરજીને આ દશરથાચલ પરનો નિવાસ ફળ્યો. તેથી પણ ઘણો જ આનંદ થયો.

સમાધિદશાના અનુભવ પછી ઈશ્વરના સાકાર દર્શનની ભાવના જાગી. ઈશ્વરકૃપાએ એ ઈચ્છા પણ ફળી. એ અરસામાં યોગેશ્વરજીને શ્રીરામનાં દિવ્યદર્શન પછી ભગવાન શંકરનાં દર્શન થયાં ક્યારેક તેઓ કાવ્યો લખતા. ક્યારેક સમાધિમાં તેમને મંત્રગાન સંભળાતાં. સમાધિમાંથી જાગ્રત થયા પછી યોગેશ્વરજી એ મંત્રો લખી લેતા.

દશરથચલના નિવાસ પછી દેવપ્રયાગ આવીને રહેવાનું થયું. ત્યાં ચંપકભાઈની કસોટી થઈ. રેશનિંગ ઈન્સ્પેક્ટરને ચંપકભાઈ પર વહેમ આવ્યો અને તેમને પોતાને ઘરે મળવા બોલાવ્યા. યોગેશ્વરજીને મૌનવ્રત હોવાં છતાં ચંપકભાઈએ તેમને સાથે લીધા. ચંપકભાઈએ ઈન્સ્પેક્ટરના પ્રશ્નોના હિંમતભેર જવાબ આપ્યા. તેથી ઈન્સ્પેક્ટરનો વહેમ તો દૂર થયો પણ ચંપકભાઈએ ચેતી જઈને ત્યાંથી સત્વરે વિદાય લીધી. તેઓ દેહરાદુન, યોગી ભૈરવ જોશીને ત્યાં જઈ રહ્યા.

ચંપકભાઈના ગયા પછી યોગેશ્વરજીએ મોટે ભાગે દૂધ પર રહેવા માંડ્યું. મૌનવ્રત ચાલુ જ હતું. એકાંતમાં સતત સાધના કરતા. ક્યારેક દેવપ્રયાગના ચક્રધરજીને મળવા જતા. તેમના



પુસ્તકાલયમાંથી પુસ્તક લાવી વાંચતા. એક વાર એક પુસ્તકમાં ભગવાન શ્રીકૃષ્ણનો મુરલીમનોહર ફોટો જોયો. બસ યોગેશ્વરજીને તો એમનાં દર્શનની ઘેલછા જાગી. સાત દિવસ નિરાહાર રહીને યોગેશ્વરજીએ તો જપ તથા પ્રાર્થના કર્યાં પણ દર્શન ન થયું. આખરે તેમણે તેમના મનને મનાવ્યું.

### ટિહરી—માર્ગે અલૌકિક અનુભવ

વસંતપંચમીની સવારે ચક્રધરજીને ત્યાં ભોજન કરી યોગેશ્વરજી દેવપ્રયાગથી ટિહરી થઈ ઉત્તરકાશી જવા નીકળ્યા. દેવપ્રયાગથી ટિહરી ૨૮ માઈલ. રસ્તો મુસીબતવાળો પણ યુવાન યોગેશ્વરજીને તો ઈશ્વર પર અખૂટ શ્રદ્ધા એટલે નિર્ભયતાથી તેમણે પ્રવાસ શરૂ કર્યો. પણ રસ્તામાં જ રાત પડી. નિર્જન પર્વતીય પ્રદેશમાં ચારે તરફ અંધકાર ફેલાયલો હતો, છતાં પ્રભુ પરની શ્રદ્ધાના બળે યોગેશ્વરજી તો પ્રભુનામસ્મરણ કરતાં ચાલતા જ રહ્યા. ત્યાં એક અલૌકીક બનાવ બન્યો. બે પુરુષ અને એક સ્ત્રી રસ્તે મળ્યાં તેઓ આગ્રહપૂર્વક યોગેશ્વરજીને પોતાને ગામ લઈ ગયા. જમાડ્યા ત્યાં તેમણે આરામ કર્યો. સવારે નિત્યકર્મથી પરવારી, ત્યાં ભોજન કર્યું અને તેઓ ત્યાંથી નીકળ્યા. તે લોકો યોગેશ્વરજીને મુખ્ય સડક પર મૂકી ગયા. રસ્તે એક માણસ મળ્યો તેણે યોગેશ્વરજીને વિનંતી કરી કે મને તમારો શિષ્ય બનાવો. પણ યોગેશ્વરજીને એવી જંજાળમાં પડવું ન હતું. એ માણસે યોગેશ્વરજીને ક્યાંથી આવ્યા એવો પ્રશ્ન કર્યો. પ્રશ્નના જવાબમાં યોગેશ્વરજીએ નજીકના ગામમાં રાતવાસો કરેલો તે વાત કરી ત્યારે એ પ્રદેશમાં જન્મીને મોટા થયેલા એ માણસે જણાવ્યું કે અહીં આસપાસના વિસ્તારમાં કોઈ ગામ જ નથી. કેવું સુખદ આશ્ચર્ય! સાચા ભક્તની ભોજન—ઉતારાની સગવડ

માટે પ્રભુએ રાતોરાત એક ગ્રામપ્રદેશનું નિર્માણ કર્યું હતું! સાધકની ઈશ્વરશ્રદ્ધા કેવાં આશ્ચર્યજનક પરિણામો લાવી શકે છે એ જાણવા ઉત્સુક જનોએ આખો પ્રસંગ યોગેશ્વરજીની આત્મકથા 'પ્રકાશના પંથે'માંથી વાંચી જવો જરૂરી છે. સાંજ પડતાં યોગેશ્વરજી ટિહરી આવી પહોંચ્યા. ટિહરીમાં બદરીનાથનું નાનું મંદિર આવેલું છે તેની મોટી ધર્મશાળામાં યોગેશ્વરજીએ ઉતારો કર્યો. મંદિરમાં બન્ને વખત ભોજન મળવા માંડ્યું. ટિહરીમાં તેમણે સ્વામી રામતીર્થના સ્થાનનાં તથા સ્મૃતિસ્થાનનાં દર્શન કર્યાં.

### સંત વેદબંધુના પરિચયમાં

યોગેશ્વરજી ટિહરીમાં એક સાચા સંત વેદબંધુના પરિચયમાં આવ્યા. ટિહરી અને ઋષિકેશનો મોટર વ્યવહાર બંધ થઈ જવાથી આ વેદબંધુ ટિહરીમાં રોકોયેલા. તેથી યોગેશ્વરજીને વીસેક દિવસ તેમના પરિચયમાં આવવાનો લાભ મળ્યો. વેદબંધુ સંકલ્પશક્તિથી સમાધિદશાનો અનુભવ કરતા. ખેચરી મુદ્રાના તેઓ જાણકાર હતા. તેઓ યોગી હતા. વેદાંત તરફ ખાસ રુચિ ન હતી. તેમણે પોતાના જીવનના અલૌકીક અનુભવો યોગેશ્વરજીને કહ્યા. તેમણે યોગેશ્વરજીને ખેચરી મુદ્રા માટે જીભ નીચેની નાડી પહેલીવાર કાપી આપેલી. તે જ અરસામાં સાધના કરતાં કરતાં એક રાત્રે યોગેશ્વરજીની કુંડલિની શક્તિ જાગ્રત થઈ અને તેમણે નિર્વિકલ્પ સમાધિદશાનો અનુભવ કર્યો.

યોગેશ્વરજી ટિહરીથી પગરસ્તે ઉત્તરકાશી જવા ઈચ્છતા હતા પણ વેદબંધુ તેમને ઋષિકેશ લઈ જવા ઈચ્છતા હતા. ત્યાંથી મસૂરી થઈને ઉત્તરકાશી જઈ શકાય તેમ હતું એટલે યોગેશ્વરજી વેદબંધુ સાથે ઋષિકેશ પહોંચ્યા ત્યાં તેમણે રાત્રે



અદ્ધર અવકાશમાં પદ્માસનવાળી બેઠેલા એક અજ્ઞાત મહાપુરુષનું સાક્ષાત્ દર્શન કર્યું.

યોગેશ્વરજીને ગુજરાતી મહાત્મા વિનોદી ઓમ સ્વામીનો પરિચય થયો તદુપરાંત જોશીજીનો પણ પરિચય થયો. જોશીજી પોતે સંસારી હતા. આપબળે સાધનાને માર્ગે આગળ વધતા હતા. તેમને જડીબુટ્ટીનું જ્ઞાન સારું હતું. તેની મદદથી તેઓ દવા બનાવતા અને દીનદુઃખીની સેવા કરતા. ચંપકભાઈ આ જોશીજીને ત્યાં રહેતા હતા. વેદબંધુ તથા જોશીજીને પૂર્વજન્મનું જ્ઞાન હતું. યોગેશ્વરજી પછી ત્યાંથી મોટરરસ્તે મસૂરી ગયા ત્યાંથી ત્રણ દિવસમાં પગ રસ્તે ઉત્તરકાશી પહોંચ્યા. ત્યાં કાલી કમલીવાલાનું અન્નક્ષેત્ર ઉપરાંત બીજું પંજાબી ક્ષેત્ર ચાલતું હતું. બન્ને ક્ષેત્રમાંથી મળીને યોગેશ્વરજીના સવારસાંજનું ભોજનનું કામ ચાલતું.

### ઉત્તરકાશીનો અનુભવ

ઉત્તરકાશીમાં ખેચરી મુદ્રાની સફળતા માટે યોગેશ્વરજીએ પોતે જ પોતાની જીભ નીચેની નસ કાપી હતી અને એક દિવસ અચાનક ખેચરી મુદ્રા થઈ શકી. અપૂર્વ આનંદ આવ્યો, તદુપરાંત અદ્ભુત દિવ્ય જ્યોતિના દર્શન થયાં. યોગેશ્વરજીને ઉત્તરકાશીના નિવાસ દરમ્યાન આ ઉપરાંત બીજા કેટલાય અલૌકિક અનુભવ થયા. પ્રથમ અનુભવ થયો રાત્રીએ લક્ષેશ્વર મહાદેવ પાસેની કુટિયા અંગેનો રાત્રીનો. વેદબંધુએ યોગેશ્વરજીને એ કુટિયામાં રહેવાનું સૂચન કરેલું. યોગેશ્વરજી દિવસ દરમ્યાન તે કુટિયા પ્રત્યક્ષ જોઈ આવ્યા, પણ ત્યારે તેમને તે કુટિયા અંધારી લાગી, એટલે તેમાં રહેવાનું તેમણે માંડી વાળ્યું. પણ તે રાત્રે કોઈ અજ્ઞાત સંત—પુરુષે આકાશી ઉડ્ડયન

કરાવી તે કુટિયાના પુનઃદર્શન કરાવ્યાં ત્યારે યોગેશ્વરજીને તે કુટિયા અલૌકિક પ્રકાશથી પૂર્ણ લાગી. બીજો અનુભવ થયો ગંગાતટનો યોગેશ્વરજીને કેટલીકવાર ગંગાતટ તરફથી પૂજા કે આરતી થતાં હોય તેમ સમૂહગીત સંભળાતું અને તેની સાથે જુદાં જુદાં વાજિંત્રો પણ વાગતાં હોય તેમ વાજિંત્રોના નાદ સંભળાતા. ત્રીજો અનુભવ થયો રાત્રે ધ્યાનમાં શ્રીરમણ મહર્ષિના દર્શનનો. મુંબઈના દરિયા પરથી સૂક્ષ્મ સ્વરૂપે ઊડતા તેમના અરુણાચલ આશ્રમમાં તેમની સાથે જવાનો લાભ મળ્યો. આ અનુભવ યોગેશ્વરજીના શબ્દોમાં કહીએ તો 'ક્રાંતિકારી કીમતી અને શકવર્તી' હતો. ત્યારબાદ તો યોગેશ્વરજી ખુદ અરુણાચલ શ્રીરમણ મહર્ષિના આશ્રમે જઇ આવ્યા હતા. શ્રીરમણ મહર્ષિના સાક્ષાત્ અનુભવ પછીથી એમણે એમનું બ્રહદ ચરિત્ર પણ લખ્યું. ત્યારબાદ સંત જ્ઞાનેશ્વરનાં દર્શનનો લાભ મળ્યો. આ ઉપરાંત સંત નાગાજી, ઊંચી શ્રેણીના સાધક મોતીલાલ બ્રહ્મચારી તથા સંત શ્રી કૃષ્ણાશ્રમ સાથે પરિચય થયો. (ક્રમશઃ)

★ સવારનો કિંમતી સમય પ્રભુસ્મરણમાં જ ગાળવો.

★ સંતોષ માટે પ્રાપ્ત પરિસ્થિતિમાં મન શાંત, સ્થિર ને સ્વસ્થ રાખવું.

★ દરેક ક્રિયામાં મન પ્રભુમય રહે તે અનુષ્ઠાન. ખાવું, પીવું, બોલવું પણ અનુષ્ઠાન થઈ જાય.

★ મોક્ષ જાતે જ મેળવવો પડે, કોઇ આપી ન શકે.

**–યોગેશ્વરજી**



A Ray of Hope

# એક અનોખો રચનાત્મક પ્રોજેક્ટ

**કેતન ત્રિવેદી**

ભાવનગરનો અમરીશ બારૈયા બી.સી.એ એટલે કે બેચલર ઓફ કમ્પ્યુટર એપ્લિકેશનના ત્રીજા સેમિસ્ટરમાં ભણે છે. અમરીશનાં માતા–પિતા સાવ ગરીબ છે. માંડ માંડ પરિવારનું ગુજરાત ચાલે. આ અમરીશે આ વર્ષે દિવાળી અગાઉ પોતાના મિત્રો ભાર્ગવ જાંબુચા, રોહિત ઉપાધ્યાય, નીલેશ માલસકે અને ભાવેશ ગમારાને એકત્ર કર્યા. પછી આ મિત્રોએ ભેગા મળીને ભાવનગર શહેરમાં વસતા અત્યંત ગરીબ પરિવારોનો નાનકડો સર્વે કર્યો. સર્વેમાં જાણવા મળ્યું કે ઝૂંપડીપટ્ટીમાં વસતાં ૨૦૦ બાળકોનાં ઘરની હાલત તો ગરીબીને સારી કહેવડાવે એવી હતી!

અમરીશ અને એના મિત્રોએ ૭૦ સાવ કંગાળ બાળકોના પરિવાર અલગ તારવ્યા. પોતે ક્યાંક છૂટક કામકાજ કરે એનાં મહેનતાણાંમાંથી હજાર હજાર રૂપિયા બચાવેલા એનું ફંડ ભેગું કર્યું. કોલેજમાં ભણતા મિત્રોને અપીલ કરી કે એક દિવસના ચા–નાસ્તા ફિલ્મનો ખર્ચ ફાળામાં આપે. આમ કરતાં કરતાં ૭૦,૦૦૦ રૂપીયા ભેગા થયા. એમાંથી થોડુંક રાશન, દિવાળીના મીઠાઇ અને ફટાકડાની ૭૦ કિટ તૈયાર કરીને યુવાનોએ આ પરિવારનાં બાળકોને આપી અને આ ગરીબ બાળકોની દિવાળીને ખરા અર્થમાં રોશન કરી.

આમ જુઓ તો આ ઘટનામાં પહેલી નજરે કંઇ નવું લાગતું

નથી. ઘણા લોકો, ઘણી સંસ્થાઓ આવાં માનવતાવાદી કાર્ય કરે જ છેને?

ના, એમાં અને અમરીશ આણિ મંડળીના આ કામમાં ફરક છે.

સામન્ય સંજોગોમાં અમરીશ આવું કરે તો નવાઇ ન લાગે, પણ હકીકત એ છે કે ખુદ આ જ અમરીશ અને એને સહયોગ આપનારા ઘણા યુવાનો હજુ ગઇ કાલ સુધી કોઇએ આપેલી મીઠાઈ અને ફટાકડાથી દિવાળી ઊજવતા હતા! કદાચ એટલે જ આ દિવાળીએ એમણે પણ મનમાં સંકલ્પ કર્યો કે સમાજ તરફથી અત્યાર સુધી જે કાંઇ મેળવ્યું એમાંથી થોડુંક સમાજને પાછું વાળીએ. બીજા લોકો દિવાળીની મીઠાઈ વહેંચે અને આ યુવાનો વહેંચે એમાં આ સંકલ્પનો ફરક હતો.

**પરોક્ષ રીતે મળેલી સહાયતા પછી થોડી પગભર થયેલી વ્યક્તિઓ જો એ ઋણ ઉતારવાની તૈયારી બતાવે તો કેવા કેવા ચમત્કાર થઈ શકે છે એનું પ્રત્યક્ષ ઉદાહરણ જોવા મળે છે ભાવનગરના 'રે ઓફ હોપ' નામના એક અનોખા પ્રોજેક્ટમાં!**

કેવી રીતે ઊગ્યું આ સંકલ્પનું કિરણ?

એનો જવાબ મેળવવા માટે ભાવનગરમાં ઘોઘા સર્કલ પર આવેલા રોટરી ક્લબ સાથે સંકળાયેલી કેટલીક બહેનો ભેગી થાય છે. સાધન–સંપન્ન વર્ગની આ બહેનો ભેગી થઈને પારકી પંચાત કરવાને બદલે અહીં આવતાં ઝૂંપડપટ્ટીના ૭૦ જેટલાં બાળકોને પ્રેમથી ભણાવે છે, નાસ્તો કરાવે છે, ગેમ રમાડે છે, એમની તબિયતની કાળજી લે છે અને એમનામાં સારા સંસ્કારોનું સિંચન કરે છે. ભાવનગર નિવૃત્ત અધ્યાપિકા પૂર્ણિમાબહેન મહેતાએ



રોટરીના આ પ્રોજેક્ટને રે ઓફ હોપ અર્થાત્ આશાનું કિરણ એવું યથાર્થ નામ આપ્યું છે, કારણ તે ઘોર અંધકારના વર્તમાનમાં જન્મીને ઊછરી રહેલાં આ બાળકો માટે રોટરીનો આ પ્રોજેક્ટ ખરા અર્થમાં સારાં ભવિષ્ય માટે આશાનાં કિરણ સમાન છે.

૬૬વર્ષ જૂની રોટરી ક્લબ ઓફ ભાવનગર વર્તમાન પ્રમુખ રોટેરયન જિતેન શાહ કહે છે એમ રોટરી દ્વારા ભાવનગરની મ્યુનિસિપલ સ્કૂલોમાં બેન્ચ આપવાના અને બાળકોને રસીકરણ જેવા ઘણા પ્રોજેક્ટ સફળતાપૂર્વક ચાલે છે, પણ આ પ્રોજેક્ટ વિશેષ છે. વળી, સ્વૈચ્છિક સંસ્થાઓના ઘણા પ્રોજેક્ટ આરંભે શૂરા હોય અને પાછળથી ક્યારે બંધ થઈ જાય એની ખબર નથી પડતી, પણ આ પ્રોજેક્ટ તો છેલ્લાં ૧૩ વર્ષથી નિરંતર ચાલી રહ્યો છે.

અચ્છા, કઇ રીતે શરૂઆત થઇ આ પ્રોજેક્ટની?

વાત છે લગભગ ૧૯૯૮ની. ભાવનગરના સંપન્ન પરિવારનાં પારુલબહેન કોઠારીનાં બહેન આરતીબહેન કોઠારી ગોળીબાર હનુમાનની જગ્યા નજીક વસતાં ઝૂંપડીપટ્ટીનાં બાળકોને નિયમિત ખાવાનું આપવા જતાં. આ બાળકોની હાલત જોઈને પારુલબહેનને થયું કે એમને સારું પોષણયુક્ત ખાવાનું રોજ મળી રહે તો કેવું?

આમ એમણે રોજ ઝૂંપડપટ્ટીમાં જઈને બાળકોને ભેગાં કરવા માટે એમણે ખાવાની લાલચ આપવી પડતી. ભેગાં કરીને એમને નવડાવે–ધોવડાવે અને પછી વાર્તા કહે. બાળકોનાં માતા–પિતા એનો વિરોધ કરતાં એટલે સાંજના છ વાગ્યા પહેલાં એમને છોડી

મૂકવાં પડે, કેમ કે સાંજે આ છોકરાઓને મંદિરે ભીખ માગવા જવાનું હોય!

આવા અવરોધ છતાં પારુલબહેને કામ આગળ ધપાવ્યે રાખ્યું. શરૂઆતમાં એમનો ઇરાદો છોકરાંઓને ભણાવવા કરતાં ફક્ત એમનામાં સારી ટેવો પાડીને એમને વાર્તા કહેવાનો જ હતો, પણ એ કહે છે :

'પછીથી મને થયું કે આ છોકરાંઓ કાં તો સ્કૂલે જ નથી જતાં અને કાં તો એવી સ્કૂલોમાં જાય છે, જ્યાં કશું ભણાવવામાં આવતું નથી એટલે અમે નક્કી કર્યું કે એમને સારા પોષણની સાથે સારા સંસ્કાર મળી રહે એ માટે ભણાવવાં.'

બસ, આ રીતે રે ઑફ હોપ પ્રોજેક્ટ આગળ ધપ્યો અને છેલ્લાં ૧૩ વર્ષથી આ બાળકોને બહેનો ભણાવે છે. સાથે સાથે રોજ જુદી જુદી ગેમ્સ અને બીજી પ્રવૃત્તિઓ તો ખરી જ. એમાંથી અમરીશ જેવા કેટલાય કિશોર તો આજે બારમા ધોરણ અને કૉલેજ સુધી પહોંચ્યા છે. વળી, કોઇ બાળક ભણવામાં તેજસ્વી દેખાય તો એને સારી ફી ભરીને ખાનગી સ્કૂલમાં પણ ભણાવવામાં આવે છે. અત્યાર સુધીમાં આવાં ૧૩૫ બાળકને ખાનગી સ્કૂલમાં મૂકવામાં આવ્યાં છે એમની ફી—યુનિફૉર્મ—પુસ્તકો સહિત ભણવાનો તમામ ખર્ચ રોટરીના આ સભ્યો જ ચૂકવે છે. દર ત્રણ મહિને તમામ બાળકોનું ફ્રી મેડિકલ ચેકઅપ કરવામાં આવે છે. પ્રસંગોપાત ફિલ્મ શો અને પિકનિકનું પણ આયોજન કરવામાં આવે. વાર—તહેવાર, ઉત્તરાયણ, હોળી—ધુળેટી, જન્માષ્ટમી, નવરાત્રિ જેવા તહેવારોય ઊજવવામાં આવે છે. દિવાળી વખતે આ બાળકોનાં ઘેર મીઠાઇ અને ફટાકડા પણ પહોંચી જાય.



રે ઑફ હોપ પ્રોજેક્ટ અંતર્ગત અત્યારે આવાં ૭૦ બાળકને આ બહેનો ભણાવે છે. પારુલબહેન આ પ્રોજેક્ટનાં હેડ છે. એમને મદદ કરવા માટે આવતી બહેનો અહીં આવે છે મોંઘીદાટ ગાડીઓમાં, પણ અહીં આવ્યા પછી જમીન પર બેસીને બાળકોને ભણાવવામાં કે રમતો રમાડવામાં લીન થઇ જાય છે. અમેરિકાથી આવેલાં હેમલતા મહેતા ગણિત શિખવાડે છે. ધોરણ આઠ અને નવનું ગણિત હર્ષાબહેન દોશી ભણાવે છે. પારુલબહેન શાહ પાંચમું ધોરણ ભણાવે છે. આરતીબહેન કોઠારી અંગ્રેજી શિખવાડે છે તો સમાજશાસ્ત્રના પાઠ ભણાવે છે જ્યોતિબહેન વકીલ. આ ઉપરાંત, રોટરી ક્લબ દ્વારા પ્રોફેશનલ ધોરણે બે શિક્ષિકા પણ રાખવામાં આવી છે.

સારું કામ કરતાં હોય એને સહાય પણ મળી જ રહે છે. ભાવનગરનાં ડૉ. સોનલ પટવારી તરફથી અઠવાડિયાના ત્રણ દિવસ નાસ્તો આવે છે. શેઠ બ્રધર્સ પરિવાર દર બુધવારે મગ આપે છે. દર શુક્રવારે રાજલબહેન દાણી બટાકા—પૌંઆ લાવે છે તો આરતીબહેન કોઠારી દર ગુરુવારે બાળકો માટે નાસ્તો લાવે. અરે, આ છોકરાંઓને નાસ્તામાં સેવ—ખમણી આપવાનાં હોય તો ભાવનગરમાં જય સોમનાથ સેવ—ખમણીની લારીવાળા ઓછા ખર્ચે સેવ—ખમણી આપે છે તો ઘોઘા સર્કલ પર જ શેરડીનો રસ વેચતા એક ભાઇ બાળકોને પાંચ રૂપિયાનો ગ્લાસ ત્રણ રૂપિયામાં આપે છે!

એવું નથી કે આ પ્રોજેક્ટને કોઇ મુશ્કેલી નથી પડી. પારુલબહેન કહે છે એમ શરૂઆતમાં તો એમણે રીતસર આ બાળકોનાં માતા—પિતાની ગાળોય ખાધેલી છે.

મુશ્કેલીઓ પડી છે, પણ એની સામે અંતરમાં આનંદનો દીવો પ્રગટે એવી ઘટનાઓય બની છે. આ જુઓઃ ભૂતકાળમાં અહીં ભણી ગયેલા અમરીશ અને અજય રાઠોડ જેવા યુવાનો હવે સ્વૈચ્છિક રીતે અહીં આવીને બાળકોને ભણાવે છે. અમરીશના મિત્રો ભલે અહીં ભણ્યા નથી, પણ રોહિત ઉપાધ્યાય, નીલેશ, ભાર્ગવ અને ભાવેશ પણ પારુલબહેનનો આ બાળકો પ્રત્યેનો પ્રેમ જોઇને સ્વેચ્છાએ આ પ્રવૃત્તિમાં જોડાયા છે. અરે, અમરીશ અને બીજા યુવાનોને આ દિવાળીએ પોતાના ખર્ચે ગરીબ બાળકોને મીઠાઇ વહેંચતા જોઇને પારુલબહેનને થયું કે પોતે જે કંઇક કર્યું છે એ સાર્થક પુરવાર થયું છે! એ કહે છે :

'એક પ્રકારનો અજબ આત્મસંતોષ મળે છે આ કામ કરવાથી. એની સામે આવી તકલીફો ભુલાઇ જાય છે.'

એમની આ વાતમાં બીજી બહેનોય સૂર પુરાવે છે. લગભગ શરૂઆતથી જ આ પ્રોજેક્ટ સાથે જોડાયેલાં જ્યોતિબહેન વકીલ કહે છે :

'અહીં ભણીને જે છોકરાંઓ કૉલેજ સુધી પહોંચ્યાં છે એમનાં જીવનમાં અમે કંઇક સિંચન કરી શક્યાં એનો આનંદ થાય છે. અહીં છોકરાંઓ સાથે એટલી બધી આત્મીયતા થઇ ગઇ છે કે હવે ક્યાંય બહાર ફરવા જવાના બદલે અહીં જ આવવાનું મન થાય છે!' તો પારુલબહેન શાહને પારુલબહેન કોઠારી સાથેનો સંબંધ અહીં સુધી ખેંચી લાવ્યો છે. પતિ દીપકભાઇનું અકાળે અવસાન થયા પછી એકલાં પડી ગયેલાં પારુલબહેનને કોઠારીપરિવારે સતત હૂંફ આપી. જ્યારે પારુલબહેન કોઠારીએ આ પ્રોજેક્ટ શરૂ કર્યો ત્યારે એ ફક્ત સંબંધના નાતે



પારુલબહેનની મદદ કરવા માટે જ આવ્યાં હતાં. આ કામને સમાજસેવાની પ્રવૃત્તિ તરીકે લેવાનો વિચાર ત્યારે એમના મનમાંય નહોતો, પણ એ કહે છે :

'અહીં આવ્યાના થોડાક જ દિવસોમાં બાળકો સાથે આત્મીયતા થઇ ગઇ. આજે આ બાળકો અહીં આવે છે, પણ એમના ચહેરા પર ક્યાંય અપોષણ કે ગરીબીનાં ચિહ્ન નથી દેખાતાં એનો અમને આનંદ થાય છે. ખરું કહીએ તો આ બાળકો જ અમારું વિશ્વ છે.'

રોટરી ક્લબના ભૂતપૂર્વ પ્રમુખ અને આરતીબહેન કોઠારીના પતિ મનીષ કોઠારી ચિત્રલેખાને કહે છે એમ રે ઑફ હોપ પ્રોજેક્ટને સફળતા મળી એનાથી અમારો ઉત્સાહ વધ્યો છે એટલે હવે અમારો વિચાર ભાવનગરમાં ગરીબ પરિવારોનાં બાળકો જ્યાં ભણે છે એવી એકાદ સ્કૂલને મોડેલ સ્કૂલ તરીકે વિકસાવવાનો છે. રે ઑફ હોપ પ્રોજેક્ટ મનીષભાઇ પ્રમુખ હતા ત્યારે એમના નેતૃત્વમાં જ શરૂ કરવામાં આવ્યો હતો. એ કહે છે :

'પ્રોજેક્ટ શરૂ કર્યો ત્યારે જે પ્રકારનાં બાળકો આવતાં હતાં એમને જોઇને મનમાં થતું હતું કે આમાંથી એકાદ બાળક પણ જો ભણીગણીને અમારા રોટેરિયન જેવો બને તોય પ્રોજેક્ટ સફળ થયો ગણાશે.'

આજે આ દિવાળીએ અમરીશ બારૈયા અને બીજા યુવાનોએ ખરા અર્થમાં એ આશાનું કિરણ પ્રગટાવ્યું છે.

**(ચિત્રલેખાના સૌજન્યથી)**

# A House holder woman's Sadhana in Van Vishram with Maa.

–Gunjan

## April 2010 Om Maa

Maa, thank you for calling me to Van Vishram. I didn't think my name could have come up in the list that you made. Maa I have enjoyed beeing here. I had the chance to do a lot of my pooja. My niyams were 111 pranam, 25 Bavanis and one lakh mantra jaap. I do thank you for giving me the strength and energy to do all that. Maa I don't get a chance to do a lot of pooja at home with the kids. Please give me the same strength and energy you have given me here. Maa I want to thank you so much for everything you have done for me. Thank you for giving me Shraddha in you. Maa please call me again to be with you. I will do my best to come.

**Jai Krupalu Maa**
**Gunjan**
**N.J.**



# મહાત્મા ગાંધીજીના રામનામ અંગે વિચારો

ગાંધીજી

## સેવાકાર્ય કે નામસ્મરણ?

પ્ર—સેવાકાર્યના કઠણ પ્રસંગોએ ભગવદ્‌ભક્તિનો નિત્ય નિયમ સાચવી ન શકાય તો તેથી કશું નુકસાન ખરું? સેવાકાર્ય અને નામસ્મરણ બેમાં પ્રધાનપદ કોને આપવું?

ઉ—કઠણ સેવાકાર્ય હોય કે એથીયે કઠણ પ્રસંગ હોય તોય ભગવદ્‌ભક્તિ એટલે કે રામનામ બંધ થઈ જ ન શકે. નામસ્મરણનું બાહ્ય સ્વરૂપ પ્રસંગ પ્રમાણે બદલાતું રહેશે. રામનામ હૃદયમાં અંકિત થઈ ચૂક્યું, પછી થોડું જ માળા છોડવાથી છૂટવાનું છે?

## રામની મદદ યાચો

ગાડાં ભરીએ ચોપડીઓ વાંચી તેમાંની માહિતી પોતાના મગજમાં ઠાંસવાથી પોતે કેવા ભાંગી ગયા છે એ વિશે હિંદભરમાંથી વિદ્યાર્થીઓ તરફથી મારા પર કાગળો આવે છે. એમાંના કેટલાકે મગજનું સમતોલપણું ગુમાવ્યું છે. બીજા કેટલાક પાગલ બની ગયા છે. અને બીજા થોડા લાચાર બની મેલું જીવન ગાળે છે. ગમે તેવી કોશિશ કરવા છતાં અમારા દિલમાં ઘર કરી ગયેલા સેતાનને અમે હઠાવી શકતા નથી તેથી અમે જેવા છીએ તેવા ને તેવા રહીએ છીએ એમ એ લોકો લખે છે ત્યારે તે સૌને માટે મારું હૃદય દ્રવે છે. આજીજી કરી એ લોકો કહે છે, "આ સેતાનને કેમ કાઢવો, અને અમને ઘેરી અશુદ્ધિને કેમ મારી

હઠાવવી તે અમને બતાવો.'' હું લોકોને કહું છું કે રામનામ લો અને ઈશ્વરને ચરણે પડી તેની સહાય યાચો, ત્યારે તેઓ મને કહે છે : ઈશ્વર ક્યાં વસે છે તે અમે જાણતા નથી. પ્રાર્થના કરવી એટલે શું તે પણ અમે જાણતા નથી.'' આવી લાચાર દશા આ લોકોની થઈ છે…

એક તામિલ વચન હંમેશને માટે મારા દિલમાં કોતરાઈ ગયું છે. તેનો અર્થ છેઃ ''સર્વ અસહાય લોકોને સહાય કરનારો ઈશ્વર છે.'' એની સહાય યાચતી વખતે તમે જેવા હો તેવા, તમારું હૃદય પૂરેપૂરું ખુલ્લું કરી તમારે તેની પાસે પહોંચવું જોઈએ, કોઈ પણ જાતની ચોરી રાખ્યા વિના તમારે તેની મદદ યાચવી જોઈએ અને આપણા જેવા પતિતને ઈશ્વર ક્યાંથી સહાય કરે એવા વહેમનો ડર તમારા દિલમાં જરાયે ન રહેવા દેવો જોઈએ. પોતાની પાસે સહાય મેળવવાને આવતાં કોટ્યવધિ શરણે જેણે સહાય કરી છે તે તમને છેહ દેશે કે? પોતાને શરણે આવનાર કોઈને તે સહાય કર્યા વિના રહેતો નથી અને તેથી તમે જોશો કે તમારી એકેએક પ્રાર્થના તે મંજૂર રાખશે. આ બધું હું મારા અંગત અનુભવ પરથી કહું છું. એ નરકની યાતના મેં પણ ભોગવી છે. એટલે પ્રથમ રામનું શરણ સ્વીકારો એટલે બાકીનું બધું પાછળથી તમને મળી રહેશે.

## જપની ખૂબી

સેરેસોલ : ''આ એકની એક વસ્તુ ફરીફરીને ગવાય છે એ મારા કાનને રુચતું નથી. એ મારા બુદ્ધિવાદી ગણિતી સ્વભાવની ખામી હોઈ શકે. પણ મને એકના એક શ્લોકના ફરીફરીને



ગવાય એ ગમતું નથી. દાખલા તરીકે બાકના અદ્‌ભુત સંગીતમાં પણ એકનું એક ભજન ફરીફરીને ગવાય છે ત્યારે મારા મન પર એની અસર પડતી નથી.''

ગાંધીજીએ હસતાં હસતાં કહ્યું : ''પણ તમારા ગણિતમાં પુનરાવર્તી દશાંશ હોય છે ને!''

સેરેસોલ : ''પણ દરેક દશાંશ ફરી આવે છે ત્યારે નવી જ વસ્તુ સૂચવે છે.''

ગાંધીજી : ''એ જ રીતે દરેક જપમાં નવો અર્થ હોય છે. દરેક જપ માણસને ઈશ્વરની સમીપ લઈ જાય છે. આ ખરેખરી હકીકત છે; અને હું તમને કહું કે તમે કોઈ સિદ્ધાંતવાદીની સાથે વાત નથી કરતા પણ એવા માણસની સાથે વાત કરો છો જેણે આ વસ્તુનો જીવનની પ્રતિક્ષણે અનુભવ કર્યો છે—એટલે સુધી એના કરતાં જીવ નીકળી જવો વધારે સહેલો છે. એ આત્માની ભૂખ છે.''

''એ હું બરાબર સમજી શકું છું. પણ સામાન્ય માણસને માટે એ પોપટિયા ગોખણ થઈ જાય છે.''

''સાચું, પણ સારામાં સારી વસ્તુનો દુરુપયોગ થવાનો સંભવ રહે જ છે. ગમે તેટલા દંભને માટે અવકાશ છે ખરો, પણ દંભ એ પણ સદાચારની સ્તુતિ જ છે ને! અને હું તો જાણું છું કે દશ હજાર દંભી માણસ મળે તો એવા કરોડો સરળ જીવો પણ હશે જેને નામરટણમાંથી આશ્વાસન મળતું હશે. એ તો મકાન બાંધવા માટે પાલખ જોઈએ એ જ એના જેવી વાત છે.''

સેરેસોલ : ''પણ તમે આપેલી ઉપમા જરા આગળ લઈ

જાઉં. મકાન બંધાઇ રહે ત્યારે પાલખ ખસેડી લેવી જોઇએ ને?''

''હા, જ્યારે આ દેહ ખસી જાય ત્યારે એ પણ ખસે.''

''એમ કેમ?''

વિલકિનસન આ સંવાદ ધ્યાનપૂર્વક સાંભળતા હતા. એમણે કહ્યું : ''એટલા માટે કે આપણે નિરંતર બાંધ્યા જ કરીએ છીએ.''

ગાંધીજી : ''એટલા માટે કે આપણે નિરંતર પૂર્ણતા માટે મથ્યા કરીએ છીએ. ઈશ્વર એકલો પૂર્ણ છે, મનુષ્ય કદી પૂર્ણ હોતો નથી.''

## રામનામનો જપ

પ્ર—કોઇની સાથે વાતચીત કરતી વખતે, કંઇ કઠણ કામમાં મગજ રોકાયેલું હોય ત્યારે અથવા ઓચિંતા ગભરાટના વગેરે પ્રસંગોએ પણ હૃદયમાં રામનામનો જપ થઇ શકે? આવી સ્થિતિમાં કોઇ જપ કરતા હોય તો તે કેમ કરતા હશે?

ઉ—અનુભવ કહે છે કે માણસ ગમે તે સ્થિતિમાં હોય, ઊંઘતો કેમ ન હોય, જો ટેવ પડી ગઇ હોય ને રામનામ હૃદયસ્થ થઇ ગયું હોય તો જ્યાં સુધી હૃદય ચાલે છે ત્યાં સુધી હૃદયમાં રામનામ ચાલતું રહેવું જોઇએ. એમ ન બને તો કહેવું જોઇએ કે, અથવા કોઇ કોઇ વાર હૃદય સુધી પહોંચતું હોય તોપણ હૃદય પર રામનામનું સામ્રાજ્ય જામ્યું નથી. જો નામે હૃદયનો કબજો મેળવ્યો હોય તો પછી 'જપ કેમ થાય' એવો પ્રશ્ન પૂછવો ન જોઇએ. કારણ કે નામ જ્યારે હૃદયમાં સ્થાન લે છે ત્યારે ઉચ્ચારણની આવશ્યકતા નથી રહેતી. એ સાચું છે કે, આ પ્રમાણે રામનામ જેમને હૃદસ્થ થયું છે એવા ઓછા હશે. રામનામમાં જે શક્તિ માનવામાં આવી છે તેને વિશે મને જરાય શંકા નથી. માત્ર ઈચ્છા કરવાથી દરેક માણસ પોતાના હૃદયમાં રામનામ અંકિત નથી કરી શકતો. તે માટે અથાગ પરિશ્રમની જરૂર છે, ધીરજની પણ આવશ્યકતા છે. પારસમણિ મેળવવો છે ને ધીરજ ન રાખીએ તે કેમ ચાલે? ને રામનામ પારસમણિ કરતાં કેટલુંયે અમૂલ્ય છે!



## રામનામ

પ્ર.—રામનામ હૃદયસ્થ હોય એટલું બસ નથી? મોઢે ઉચ્ચારવામાં ખાસ કંઇ છે?

ઉ.—રામનામ લેવામાં ખૂબી છે એમ હું માનું. માણસ ખરેખર એમ માને છે કે રામ તો તેના હૈયામાં રહ્યા છે, તેને સારુ રામનામ—રટણની જરૂર નથી. એ હું કબૂલ કરું છું.

## રામધૂન

આજની કેટલાયે લાખ માણસોની બનેલી સભા ઘણા વખત સુધી શાન્ત રહી હતી, પરંતુ ગાંધીજીએ બોલવાનું શરૂ કર્યું ત્યારે લોકો ચંચળ બની ગયા અને વિખેરાવા લાગ્યા હતા. ગાંધીજીએ તેથી પોતાનું પ્રવચન ટૂંકમાં જ આટોપી લીધું. પ્રવચનમાં તેમણે કહ્યું કે સભામાંના થોડા પુરુષો રામધૂન બરાબર ઝીલતા હતા ને બરાબર તાલ પ્રમાણે તાળી પાડતા હતા ત્યારે સ્ત્રીઓમાંથી ભાગ્યે જ કોઇ ધૂન ઝીલતું હતું. જેમને થોડો સરખોયે અનુભવ થયો છે તે સૌ રામધૂનમાં એટલે કે ઈશ્વરના નામનું હૃદયના ઊંડણમાંથી રટણ કરવામાં કેવી તાકાત રહેલી છે તે જાણે છે. પોતાના

બેન્ડના સૂરની સાથે તાલમાં પગલાં માંડતા લાખો લશ્કરી સિપાઇઓ એક કેવી તાકાત હોય છે તે મને ખબર છે. પરંતુ લશ્કરી તાકાતે દુનિયામાં કેવી તારાજી કરી છે તે રસ્તે ચાલનારો કોઇ પણ આદમી જોઇ શકે છે. આજે યુદ્ધનો અંત આવ્યો છે એમ કહેવાય છે, પણ યુદ્ધોત્તર દશા પ્રત્યક્ષ યુદ્ધ ચાલતું હતું તે દરમિયાન થયેલી દશાથીયે બદતર છે. લશ્કરી નાદારી આ પરથી સાબિત થાય છે.

જરાયે સંકોચ વિના હું આ સ્થેળથી જાહેર કરવા માગું છું કે માનવજાતના લાખો માણસો સાથે મળીને બરાબર તાલમાં રામધૂન જગાવે છે ત્યારે લશ્કરી તાકાતના કરતાં જુદા પ્રકારની પણ અનંતગણી ઊઠતી ઈશ્વરના નામની આ ધૂન આજે જે ખાનાખરાબી ને વિનાશી જોવાનો મળે છે તેને ઠેકાણે કાયમની શાંતિ અને સુખ નિર્માણ કરશે.

### ૯. યૌગિક ક્રિયાઓ

એક મિશનરી મિત્રે ગાંધીજીને પૂછ્યું : “તમે કોઈ યૌગિક ક્રિયાઓ કરો છો કે કેમ?” તેનો જવાબમાં ગાંધીજીએ કહ્યું :

યોગની ક્રિયાઓ હું જાણતો નથી, હું જે ક્રિયા કરું છું તે બાળપણમાં મારી દાઈ પાસેથી શીખેલો. મને ભૂતનો ડર લાગતો. એટલે એ મને કહેતી : ‘ભૂત જેવું કંઈ છે જ નહીં, છતાં તને ડર લાગે તો રામનામ લેજે.’ હું બાળપણમાં જે શીખ્યો તેણે મારા માનસિક આકાશમાં વિશાળ રૂપ ધારણ કર્યું છે. એ સૂર્ય મારી ભારેમાં ભારે અંધકારની ઘડીએ મને તેજ આપ્યું છે. ખ્રિસ્તીને એ જ આશ્વાસન ઈશુનું નામ લેતાં ને મુસલમાનને



અલ્લાના નામમાંથી મળે. આ બધી વસ્તુઓનો અર્થ તો એક જ છે, ને સમાન સંજોગોમાં એનાં સરખાં જ પરિણામ આવે. માત્ર એ નામસ્મરણ તે પોપટિયા ન હોવું જોઈએ. પણ છેક આત્માના ઊંડાણમાંથી આવવું જોઈએ.

### સચોટ મદદ

ઈશપ્રાપ્તિમાં રામનામ ખાતરીલાયક મદદ આપે છે, એમાં શક નથી. હૃદયથી તેનું રટણ કરીએ તો તે અસદ્ વિચારને ભગાડી મૂકે છે. અને અસદ્ વિચાર જ ન હોય તો બાહ્ય મદદ નકામી છે, મન શુદ્ધ હોય તો તેની જરૂર નથી. એનો અર્થ એ નથી કે, શુદ્ધ મનવાળો માણસ પોતાની જાતની સાથે છૂટ લે જ નહીં. તેનું આખું જીવન તેની અંતરની શુદ્ધતાની અચૂક સાખ પૂરશે. ગીતામાં એ જ સત્ય કહેલું છે કે, મનુષ્યનું મન જ તેને તારે છે કે મારે છે. એ જ વિચાર અંગ્રેજ કવિ મિલ્ટને બીજી રીતે મૂક્યો છે. તે કહે છે કે, ‘માનવીનું મન ચાહે તો નરકનું સ્વર્ગ ને સ્વર્ગનું નરક કરી શકે છે.’

હળવા થાઓ, ખાલી થાઓ ને ભરાઈ જાઓ પ્રભુ પ્રીતથી. —મા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

## અધ્યાત્મના તંત્રીના જન્મદિનની ઉજવણી

# તંત્રી ૯૨ વર્ષના થયા

જ્યોત્સ્નાબહેન ત્રિવેદી

સ્વર્ગારોહણ અંબાજીમાં પ.પૂમાશ્રી સર્વેશ્વરીની ઉપસ્થિતિમાં અધ્યાત્મના તંત્રી શ્રી નારાયણભાઇ જાનીના ૯૩મા જન્મદિનની ઉજવણી તા.૮–૧૧–૧૧ના રોજ કરવામાં આવી. ભારતીય પંચાંગ પ્રમાણે કારતક સુદ ૧૩.

આ પ્રસંગે સાધકોએ ભેગા મળી હોલને શણગારી ૯૩ દીવડાઓની હારમાળા રચી. તેમનું ગુલાબોથી સ્વાગત કર્યું. ઉપસ્થિત સાધક ભાઇ બહેનોએ પોતાની શુભ લાગણી દર્શાવી તેઓને તેમના જન્મદિને સ્વસ્થ ને સારા આરોગ્યપ્રદ કરી શેષ જીવન માટે પૂ.ગુરુદેવ ને પૂ.માને પ્રાર્થના કરી.

સાધકોએ વ્યક્તિગત રીતે પુષ્પાંજલિ અર્પણ કરી, તેમને સન્માન્યા. તો તેના પ્રત્યુત્તરરૂપે સાધકોને ચોકલેટ અને લક્ષ્મીનો પ્રસાદ તેમના તરફથી આપવામાં આવ્યો.

પૂ.માની સૂચના પ્રમાણે શ્રી નારાયણભાઇની વિશેષતાઓ અંગે વક્તાઓને બોલવા કહેવામાં આવ્યું. શ્રી શાંતિભાઇ કનેરિયાએ કહ્યું કે તેમનો પ્રેમાળ ને સરળ સ્વભાવ તેમજ આડંબર વિનાનું જીવન સહુને ગમે છે. તો શ્રી કલ્યાણે જણાવ્યું કે વ્યવહારમાં રહીને પણ આધ્યાત્મિક જીવન કેમ જીવાય, તેમજ ભૂતકાળ ભૂલીને વર્તનમાનમાં જીવી સુખ, શાંતિ ને આનંદનો અનુભવ કેમ કરી શકાય. તેમની તે વાતો સહુને ગમે



છે. શ્રી વિજયસિંહ રાણાએ શ્રી નારાયણભાઇની સરળ શબ્દોમાં થતી સાચા ધર્મની સમજની વાતો સહુને ગમે તો શ્રી કુંદનબહેન રાણાએ એમની વાતોમાં વ્યક્ત થતો વૈજ્ઞાનિક અભિગમ યુવાન વર્ગને પણ સ્પર્શે એવો હોય છે. શ્રી દર્શનાબહેને પણ અગાઉના વક્તાઓએ દર્શાવેલ ભાવો દોહરાવતાં ઉમેર્યું કે તેથી તેઓ જ્યારે પણ સુરત આવે ત્યારે ધ્યાન કેન્દ્ર ને બીજે સ્થળે તેમના વક્તવ્યનો લાભ અમે લઇએ છીએ.

પરિવારના સભ્યોમાં અંતે શ્રી જ્યોત્સનાબહેન અને શ્રી રાજુભાઇએ પોતાના પિતાજીના અંગત જીવનનું દર્શન કરાવતાં તેમના નિયમિત પ્રણામ અને ધ્યાન, શારીરિક સ્વસ્થતા માટે જાગૃકતા, અધ્યાત્મના કામ પ્રત્યેની નિષ્ઠા, અન્યો અને પરિવારના સભ્યો પ્રત્યેનો પ્રેમભર્યો માનવીય અભિગમ અને દુઃખીઓ પ્રત્યેની અનુકંપાના ઉદાહરણો આપી રોચક શૈલીમાં રજુઆત કરી હતી. તેમની પુત્રવધુઓ શ્રી ઉર્વશીબેન અને શ્રી પ્રતિમાએ પણ તેમના દૈનિક જીવનની વિશેષતાઓ વર્ણવી હતી.

સાધકોની તેમજ પરિવારના સભ્યોની રજુઆતના પ્રત્યુત્તરમાં શ્રી નારાયણભાઇએ જણાવ્યું હતું કે અમારા જીવનમાં આપ સહુને જે સારું જણાય છે તેમાં અમારા સ્વર્ગસ્થ પત્ની શ્રી સરસ્વતીબેન, પૂ.યોગેશ્વરજી તેમજ પૂ.માનો ફાળો મહત્ત્વનો છે. અમારા માતા પિતાએ પણ ઘણું કષ્ટ વેઠી અમને ભણાવ્યા ને સારા સંસ્કાર આપ્યા, તેને લીધે જ અમે પૂ.ગુરુદેવ જેવા સંતનું સાન્નિધ્ય પામ્યા.

વળી આજે પૂ.મા અને આપ સર્વે સાધકોનો પ્રેમ આદર

અમે પામી શક્યા છીએ તેના મૂળમાં અધ્યાત્મ માસિકના તંત્રી તરીકે પૂ.શ્રીએ અમારી કરેલી પસંદગી રહેલી છે. નહીં તો આજનો આ પ્રસંગ જ ક્યાંથી સંભવત! આથી અમારું આ શરીર જ્યાં સુધી ટકે ત્યાં સુધી અમારાથી બનતી સેવા અમે કરતા રહીએ. એવા આશીર્વાદ પૂ.મા પ્રભુ અને આપ સહુ પાસે માંગીએ છીએ એમ તેઓએ જણાવ્યું હતું. આ શુભદિન નિમિત્તે પરિવારના સભ્ય શ્રી રાજુભાઇ તરફથી સાધકોને મિષ્ટાન્ન ભોજન આપવામાં આવ્યું હતું.

★ ઋણાનુબંધ તો સંતોય ન ફેરવી શકે હા, સહન કરવાની શક્તિ આપે.

★ અગિયારસ એટલે અગિયાર ઇન્દ્રિયોને શુભ માર્ગે વાળવી.

★ રાહ કેવળ પ્રભુની જ જોવી.

—યોગેશ્વરજી

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઇલ : ૯૩૭૪૭૧૦૩૦૪
**દીપક સી. મહેતા**
**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧



# પનામાનો પુણ્ય પ્રવાસ

—મા સર્વેશ્વરી

### પનામા—૪—૮—૦૫ ગુરુવાર

સરસ હોલ, પર્વત ઉપર સ્થાન, મંદિર પણ સરસ, માર્ગ પણ રળિયામણો, વિસ્તાર પણ શાંત અને સ્વચ્છ હરિયાળો. તો ગાડી પણ સરસ ને યજમાન તો વળી સૌથી સરસ. થનગનતા સેવકોની વણઝાર પણ સરસ.

તો કાર્યક્રમમાં ભાગ લેનાર શ્રોતાઓ પણ સરસ. કાર્યક્રમ પણ સરસ. વક્તાઓ પણ સરસ હોલની રંગોળી પણ સરસ. તો મંચ ઉપર તાજા ફુલોનો શણગાર પણ સરસ.

આજે તો ગુલાબના ફુલોથી હીંચકો શણગારેલો હતો. શ્રોતાઓ કહે છે ખૂબ સરસ શણગાર હતો.

આજે માના બન્ને પગ પણ સરસ સ્વસ્થતા બતાવતા હતા જેથી આવી સરસ શ્રી હરિની રમણીય મનમોહક સૃષ્ટિની યોજનામાં મા પણ સમયસર ત્યાં હાજર થઇ ગયાં.

પ્રણામ થયા પણ, આજે પ્રણામ ઉપર જ થોડું શ્રી હરિએ લખ્યું.

ડોક્ટરની એપોઇન્ટમેન્ટ જેમ સાચવીએ તે રીતે પ્રણામ એ પ્રભુની એપોઇન્ટમેન્ટ છે. પ્રણામથી પ્રભુને પ્રસન્ન કરવા.

અરે, જે પરીણિત બહેનો છે તે પણ પ્રભુ પાસે માંગે છે કે હે પ્રભુ! મારી સાસુ મારી બહેનપણી બની જજો. અને વિષય આગળ ચાલે છે. પરણિત સંતાન માતાપિતાનું ધ્યાન રાખે તે વિષય ઉપર લખાયું.

આજે પહેલી બેઠક પછીના વિશ્રામમાં એક પેઈન્ટર મળે છે. જેનું નામ શ્રી રીકાર્ડો છે. ૫૪ વરસના છે. બાળપણથી જ ચિત્રો દોરે છે.

હઠયોગની સાધના ૩૦–૩૫ વર્ષથી કરે છે, ૩ કલાક હઠયોગ ને ૧ કલાક ધ્યાન કરે છે. ગઈકાલે પણ માને દૂરથી પ્રણામ કરીને પૂછાયેલું માને મારે મળવું છે.

આજે ફરી આવે છે મા પાસે હાથ જોડી ઊભા છે. સ્પેનીશ ભાષા જાણે છે. એટલે પ્રશ્નો ગુજરાતીમાં ને પ્રત્યુત્તર સ્પેનીશમાં મળે છે.

એના ગુરુ યોગમાર્ગના હતા. એ ૐ અને ૐ તત્સત્ અને શાંતિ આ ત્રણ શબ્દ પણ બોલે છે.

એ કહે છે હું માને પ્રથમવાર જ મળું છું પણ મને દર્શનથી જ ખૂબ શાંતિ લાગે છે.

એમને કોઈ અનુભવ થયા છે એ પશ્નના ઉત્તરમાં એણે કહ્યું એક અલૌકિક અનુભવ થયો છે.

મા એ સાંભળીને બીજી બેઠકમાં તે સાધકભાઈને વાર્તાલાપ આપવા કહેવામાં આવે છે. તેઓએ પોતાનો અનુભવ સ્પેનીશ ભાષામાં રજુ કર્યો.

જેમાં દરિયામાં એ ડૂબી જાય ત્યાં એને એક અલૌકિક અનુભવ થયો છે. પ્રકાશદર્શન, પૂર્વજન્મનું જ્ઞાન અલૌકિક સંગીત અને અલૌકિક રક્ષા થઈ છે.

અંતે માનો આભાર માનતાં કહે છે મને ખૂબ શાંતિ મળી છે.

સાંજની બેઠકમાં પણ તે હાજર રહે છે. સરસ સ્થિરતાથી વજ્રાસનમાં તે બેઠાં છે. મુખ ઉપર શાંતિ લાગે છે. નમ્ર છે.



સાંજની બેઠકમાં બીજા એક ભાઈ પણ તેની સાથે આવ્યા છે. તેમનું નામ છે શ્રી મારિયો. તેઓ કહે છે કે હું ત્રણ કલાક બેઠો તો મને એમના દર્શનથી ખૂબ શાંતિ, સ્ફૂર્તિ ને શક્તિ મળ્યાં છે. મારે કંઈ પૂછવું નથી, માત્ર પ્રણામ કરીને આશીર્વાદ લેવા છે.

તે પણ બેઠકને અંતે પ્રણામ કરી ઊભા છે. મા તેમને પ્રસાદ, ફૂલ ને સંનિધિ પર્વનો બિલ્લો આપે છે.

આવતી કાલે સવારે એ બન્ને વિદેશી જિજ્ઞાસુઓ બેઠકમાં આવવાનું કહે છે.

આજે પ્રશ્નોત્તરી હતી. ખાસ નોંધ યોગ્ય પ્રશ્ન ન હતા. યાસ્મીન અંગ્રેજીમાં માની સ્લેટની માની વાતો સૌને કરે છે.

આજે પનામાના ગુલાબબેને અહીંના બાળકો દ્વારા રાજા જનક અને અષ્ટાવક્રનો પ્રસંગ નાટક દ્વારા સરસ રજૂ કર્યો. રાજા અને અષ્ટાવક્ર બે પાત્રો બધું જ સરસ રીતે ગુજરાતીમાં કહી શકયા છે.

એ રીતે કેનેડાના શ્રી હંસાબહેને પૂ.શ્રીના જીવન ઉપર સરસ પ્રકાશ પાથરીને સાંઈબાબાનો એક પ્રસંગ, ધ્રુવ, અર્જુન, નિત્યા અને ઉમા દ્વારા નાટકના રૂપમાં સરસ રીતે રજૂ કર્યો.

આજે રાજુ યાત્રીએ પણ પોતાનો વાર્તાલાપ આપ્યો. માને એ સમજવા પ્રયત્ન કરી રહ્યો છે. જે રીતે સમજ્યો છે તેની વાતો કરે છે.

આ વર્ષની યાત્રામાં જાણે વિદેશીઓના મેળાપના શ્રી ગણેશ મંડાઈ રહ્યા છે. શ્રી હરિની ઈચ્છા અને યોજના મુજબ સર્વ કોઈ મળે છે. ને પાછા સલામી પણ ભરે છે.

પનામાના આ કાર્યક્રમમાં સવારે ૨૫૦ ભક્તો ભાગ લે છે ને સાંજે ૪૦૦ ભક્તોથી હોલ ભરાઈ જાય છે.

નાના નાના બાળકો ૧૫, ૨૦ તથા હાઈસ્કુલ કોલેજના ભાઈબહેનો ૩૦–૪૦ જેટલા આખો દિવસ કાર્યક્રમમાં ભાગ લઈ રહ્યા છે. સાંજની બેઠકમાં ભાઈઓ પણ પોતાના ધંધામાંથી નિવૃત્ત થઈને ભાગ લે છે. આનંદ છે. દિવ્યેશ કહે છે મા દર વરસે આવો. હવે આવો કાર્યક્રમ ૧૫ દિવસ રાખો. અમેરિકા રહો છો તેમ અહીં પણ રહો ને સૌને લાભ આપો.

શ્રી શકુબહેન ને તેમના પતિ ઈશ્વરભાઈ કહે છે મા દર વરસે બે મહિના તો પધારો જ.

આ ધરતી ઉપર ઘણા જ શ્રદ્ધાળુ ભક્તો વસે છે. જાણે સત્સંગની સાચી ભૂખ છે.

આજે તો મા કાર્યક્રમના ભોજનાલયમાં પણ જાય છે ત્યાં જે છ ભાઈઓ સંભાળે છે તેમને મા મળે છે. તેઓ ભક્તસમાજના જ છે. તેઓ જ રસોઈ બનાવે છે.

સારી સેવા આપે છે. વિનામૂલ્યે સેવા આપવી એ એમની વિશેષતા છે. યજમાનને કે જેમને ત્યાં પ્રસંગ હોય તેમને નિશ્ચિતતા ધરવી અને ભોજન પામનારની હાશ મેળવવી એ જ એમની સેવા.

યજમાન થનગનતા, પડ્યોબોલ ઝીલી લેનાર, સર્વ પ્રકારે અનુકૂળતા ધરનારા છે. પનામાની આ સર્વ શ્રેષ્ઠ વિશેષતા છે.

હે હરિ, તું જાણે સર્વત્ર અનુકૂળ બનીને સ્વજનોમાં પથરાઈ રહ્યો છે. તારા એ ગુપ્તવેશને, સેવાને જે સમજે ને જાણે તે જ તેને માણી શકે.

મા વિદેશની ધરતી ઉપર હોય એટલે સરોજબહેન કે કંચનબહેન બેમાંથી એક તો સાથે હોય જ.

વરસોથી એક નિયમ જ જાણે થઈ ગયો છે કે ભારત મૂકવા



શ્રી કંચનબહેન શ્રી ભગવાનજી જ આવે અને લેવા માટે શ્રી સરોજબહેન જ આવે.

આ ક્રમ વરસોથી શ્રી હરિએ જ ગોઠવ્યો છે. એ રીતે વિદેશમાં પણ મા સાથે સરોજબેહન કે કંચનબહેન બેમાંથી એક તો હોય જ.

આ વરસે શ્રી કંચનબહેન છેલ્લા ત્રણ મહિનાથી લગભગ સાથે છે.

માને ફળદૂધ આપવાનું બધું જ કામ, કંચનબહેન મૌન રહી શાંતિથી એ સેવા ઉપાડી રહ્યાં છે. મીતભાષી કંચનબહેન સ્વભાવે શાંત છે.

સરસ રીતે માની આસપાસ ઉડ્યાં કરે છે. અનેક યાત્રાઓ શ્રી ભગવાન સાથે મા સંગે કરી છે.

માની આ ફળાહારની બધી સેવા યાત્રામાં પણ શ્રી કંચનબહેન જ ઉપાડે. એ સેવાને લીધે અનેક વાર યાત્રામાં ભોજન કરવા રેસ્ટોરન્ટમાં જવાનું બંધ રાખે. ઘણીવાર સત્સંગની બેઠક પણ છોડવી પડે. સગા સ્નેહીઓને મળવાનું પણ છોડવું પડે. બજારમાં ફરવા જવાનું પણ છોડવું પડે.

પણ આ બધું જ તેઓ પ્રેમથી શાંતિથી છોડી શકે છે. કોઈ અફસોસ નથી રાખતાં. માને નિર્જળા હોય ત્યારે તેઓ જરૂરી કાર્યો કરી લે છે.

સેવક તરીકેની અનેક વિશેષતાઓ તેમનામાં છે. જાણે શ્રી હરિની જ એ યોજના છે.

હે હરિ, સર્વ અનુકૂળ સ્વજનોને વિશેષ રીતે આશીર્વાદ ધરજો. પ્રતિકૂળ ભક્તોનું પણ સદ્‌બુદ્ધિ ધરી કલ્યાણ કરજો. પ્રણામ, પ્રણામ, પ્રણામ. (ક્રમશઃ)

# રસેશ્વરી

(ગતાંકથી ચાલુ) —શ્રીયોગેશ્વરજી

એનાં લોચન થાકતાં, કંટાળતાં કે ધરાતાં ન હતાં.

એનું અંતર અનુરાગથી આપ્લાવિત બનીને એમની પાછળ પાછળ ચાલવા લાગ્યું.

કેટલો બધો અદ્ભુત, અનેરો, આનંદદાયક છતાં કરુણ અનુભવ?

એ અનુભવ સુખદાયક હતો ને દુઃખદાયક પણ.

શાંતિકારક હતો અને અશાંતિકારક પણ.

આકારદાયક હતો અને અનાવકારદાયક પણ.

મથુરાના રમણીય રાજમાર્ગ પરથી પસાર થતાં કૃષ્ણે બળરામને ઉદ્દેશીને જણાવ્યું.

‘ત્રિગુણાત્મિકા પ્રકૃતિના સકંજામાં સપડાયેલો જીવ કુબ્જાની પેઠે જ શિવને ભૂલી ગયો છે. માટે જ એ કુરૂપ તેમ જ દુઃખી કે ક્લેશયુક્ત છે. શિવને ભૂલીને એ પોતાની સમગ્ર શક્તિ તથા સંપત્તિ સંસારની સેવામાં લગાડી રહ્યો છે.’

‘સાચું છે.’ બળરામે કૃષ્ણનું સમર્થન કર્યું.

‘એનામાં સદ્બુદ્ધિ પ્રકટે અને એ પોતાનું જીવનધન પરમાત્માના ચરણોમાં અર્પણ કરે તો પરમાત્માની કૃપાથી એની કાયા પલટ થાય, એની બધી કુરૂપતા ટળી જાય, અને એને શાંતિ મળે. એવો જીવ જીવનની પરમ ધન્યતાનો અનુભવ કરી શકે.’

બળરામ બોલ્યા :



‘તેં કુબ્જાનો આમંત્રણનો તરત ને તરત સ્વીકાર ના કર્યો તે સારું થયું. કર્તવ્યનું વિસ્મરણ જીવનમાં ના થાય તે સદા જરૂરી છે. સુકુમારીઓ તને જોઇને કોણ જાણે કેમ પણ એક જાતના વિશેષ આકર્ષણનો અનુભવ કરે છે. કુબ્જાને પણ એ આકર્ષણની અસર થઇ ચૂકી હતી. અને એમ તો રાધાને એના જેવી બીજી ગોપીઓને પણ નહોતી થઇ? તોપણ તેં એમનો હસતાં હસતાં ત્યાગ કર્યો.’

રાધાના સ્મરણથી કૃષ્ણના અંતરમાં અનેરી લાગણી થઇ આવી.

એમની આંખ આગળ ગોકુળ, વૃંદાવન, ગોવર્ધનની ભૂમિ અને એની સાથે સંકળાયેલાં સુમધુર સંસ્મરણો તરવા લાગ્યાં.

એમનું હૈયું હાલી ઊઠ્યું ને વાણી દ્વારા વ્યક્ત થઇ ને બોલ્યુંઃ

‘રાધાનો મેં ત્યાગ નથી કર્યો. ના. કદાપિ નહીં. એનો ત્યાગ કરી પણ નહીં શકું. રાધા તો પવિત્ર, પ્રખર, પરિપૂર્ણ પ્રેમ છે.’ એ પ્રેમનો ત્યાગ કદાપિ કરી શકાય તેમ છે? એ તો મારા હૃદયમાં વસે છે ને વસ્યા કરશે. જીવનનો એક અગત્યનો અલગ પ્રકારનો અભિનય કરવા માટે મારે સ્થૂલ શરીરથી થોડાક દૂર રહેવું પડે ને મથુરામાં કે બીજે જવું પડે તેથી શું?’

‘પરંતુ અત્યારે તો રાધા દુઃખી બની ગઇ છે.’

‘સ્નેહમાં દુઃખ પણ છે ને સુખ પણ. જે વખતે જે આવી પડે તેને સહન કરવામાં જ આનંદ છે. રાધાને મારે માટે જેવી લાગણી છે તેવી પ્રબળ પ્રેમયુક્ત લાગણી મને એને માટે પણ છે જ. એ લાગણી કદી પણ નથી મટવાની કે ઘટવાની.’

બળરામ કૃષ્ણને ભાવભીની નજરે જોઈ રહ્યા.

પરંતુ એમને એકલા બળરામ જ જોતા હતા એવું થોડું હતું?

મથુરાના રાજમાર્ગ પરથી પસાર થતા કૃષ્ણને અને બળરામને મથુરાવાસીઓ અત્યંત રસપૂર્વક જોવા લાગ્યા.

એમની આંખ અને એમનાં અંતરોનું એ આકર્ષણ કરી રહ્યા.

એ આકર્ષણ એમને ધન્ય અને આનંદદાયક લાગ્યું.

**કંસનો નાશ**

મથુરાના નિવાસીઓને માટે કૃષ્ણ તથા બળરામ અસાધારણ આકર્ષણના આધારરૂપ થઈ પડ્યા.

એવા સુંદર, આકર્ષક, કામણગારા કિશોરો એમણે આજ પહેલાં કદી પણ નહોતા નિહાળ્યા.

એમને નીરખવામાં એમને અપાર આનંદ આવવા માંડ્યો. એમના આજ સુધીના જીવનનું પરમ સાર્થક્ય લાગ્યું.

મથુરાના રાજમાર્ગ પરથી આગળ ચાલતી વખતે કૃષ્ણને જુદી જ જાતની લાગણી થઈ આવી.

કંસના અત્યાચાર, અનર્થ અથવા અધર્મનું સ્મરણ કરીને એમનું કાળજું કઠોરતા ધારણ કરવા લાગ્યું.

મથુરાની પ્રજાનો અસંતોષ અને કંસને માટેનો વિરોધ પણ એમનાથી છૂપો ના રહ્યો.

કંસ પોતાનો નાશ કરવાના અશુભ આશયથી પ્રેરાઈને જ પોતાને મથુરામાં લાવેલો એ હકીકત એમનાથી અજાણ ના રહી.

ક્રૂર કર્મ કરનારા એ કંસના કાળ બનીને એની જીવનલીલાનો સુયોગ્ય સમય જોઈને અંત લાવવાનો પોતે ફરી વાર નિશ્ચય કર્યો.



બળરામે એનું સમર્થન કર્યું.

કંસના ધનુષયજ્ઞનું સ્થાન પૂછતાં પૂછતાં આખરે કૃષ્ણે બળરામ તથા પોતાના સાથીઓ સાથે સુંદર રંગશાળામાં પ્રવેશ કર્યો.

એ રંગશાળામાં એક વિશાળ આયુધાગારમાં એક મોટું ધનુષ રાખવામાં આવેલું.

એ ધનુષનો જ યજ્ઞ થવાનો હતો.

એ સુંદર વિશાળ ધનુષને જોવા માટે અસંખ્ય સ્ત્રી–પુરુષો વૃદ્ધો અને યુવાનો એકઠાં થયેલાં.

એ ધનુષને નિહાળીને સૌ કોઈ આશ્ચર્યચકિત થતા, ને 'કેવું અદ્‌ભુત ધનુષ!' એવા ઉદ્‌ગારો કાઢતા.

કૃષ્ણે એની અદ્‌ભુતતાની પરીક્ષા કરવાનો વિચાર કર્યો.

એ રક્ષકોથી રક્ષાયલું છતાં, એમણે એની પાસે પહોંચીને એનું બારીકાઈથી, રસપૂર્વક નિરીક્ષણ કરીને એને જોતજોતમાં ઉપાડી લીધું અને એની પ્રત્યંચા ચઢાવી.

(ક્રમશઃ)

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**
**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**
**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**
મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,
**મોરબી**–૩૬૩૬૪૧.
ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.